આજનો સુવિચાર

જીવનમાં ક્યારેય આશા ન ગુમાવો કારણ કે આપણે ક્યારેય જાણતા નથી કે આવતીકાલ શું લાવશે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com


# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૮૫ જૂનાગઢ તા.૨૧-૧૧-૨૦૨૩ મંગળવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 285, Junagadh : Date : 21 November, 2023, Tuesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay

## બીજા રાજયમાં નોંધાયેલ FIR પર પણ અન્ય રાજયની સેશન્સ અને હાઈકોર્ટ આગોતરા જામીન આપી શકે : સુપ્રિમ કોર્ટ



નવી દિલ્હી,તા.૨૧: સુપ્રીમ કોર્ટે તેના એક નિર્ણયમાં કહ્યું છે કે હાઈકોર્ટ અને સેશન્સ કોર્ટ આરોપીઓને ટ્રાન્ઝીટ આગોતરા જામીન આપી શકે છે. ભલે એફઆઈઆર કોઈ અન્ય રાજયમાં નોંધાયેલ હોય. એક મહત્વપૂર્ણ નિર્ણયમાં, સુપ્રીમ કોર્ટે કહ્યું કે હાઈકોર્ટ અથવા સેશન્સ કોર્ટ તેમના પ્રાદેશિક અધિકારક્ષેત્રની બહાર દાખલ કરવામાં આવેલી એફઆઈઆરના સંબંધમાં ધરપકડનો સામનો કરી રહેલા વ્યકિતને મર્યાદિત સમયગાળા માટે આગોતરા જામીન આપી શકે છે. તેમાં કહેવામાં આવ્યું છે કે જીવનના અધિકાર, વ્યકિતગત સ્વતંત્રતા અને નાગરિકના ગૌરવની સુરક્ષા માટે આ જરૂરી છે.જસ્ટીસ બીવી નાગરથ્ના અને ઉજ્જવલ ભુયાનની બેંચ રાજસ્થાનમાં એક મહિલા દ્વારા દાખલ કરવામાં આવેલી દહેજની માંગણીની ફરિયાદ સાથે સંબંધિત કેસની સુનાવણી કરી રહી હતી. જેમાં પતિને બેંગલુરુ ડિસ્ટ્રીક્ટ કોર્ટમાંથી આગોતરા જામીન મળ્યા હતા. સર્વોચ્ચ અદાલતે ચુકાદો આપ્યો હતો કે ઉચ્ચ અદાલતો અથવા સેશન્સ અદાલતો આરોપીને ટ્રાન્ઝીટ આગોતરા જામીન આપી શકે છે, જો ગુનો તેના અધિકારક્ષેત્રમાં આચરવામાં આવ્યો ન હોય અને જયાં સુધી આરોપી અધિકારક્ષેત્ર ધરાવતી અદાલતમાં ન પહોંચે ત્યાં સુધી વચગાળાનું રક્ષણ ચાલુ રહેશે. સર્વોચ્ચ અદાલતે વધુમાં કહ્યું કે અદાલતોએ નાગરિકોની સ્વતંત્રતાને ધ્યાનમાં રાખીને મર્યાદિત વચગાળાનું રક્ષણ પૂરું પાડવું જોઈએ.

નાગરિકોના જીવનના અધિકાર, વ્યકતિગત સ્વતંત્રતા અને ગૌરવ સાથે જીવવાના અધિકારનું રક્ષણ કરવા માટે બંધારણનો ઉલ્લેખ કરીને, સર્વોચ્ચ અદાલતે, વ્યાપક અસર સાથેના નિર્ણયમાં જણાવ્યું હતું કે ધરપકડના ભયનો સામનો કરતી વ્યકિતને આગોતરા જામીન આપી શકાય છે. કોર્ટના અધિકારક્ષોત્રની બહાર દાખલ કરવામાં આવી હોય તો પણ. જો કે, સર્વોચ્ચ અદાલતે સ્પષ્ટ કર્યું છે કે આવા કેસમાં મર્યાદિત સમયગાળા માટે જ જામીન આપી શકાય છે.

## પોરબંદરમાં હીટ એન્ડ રન : મહિલા ટીઆરબી જવાનનું કરૂણ મોત

### દારૂનાં નશામાં ધુત કાર ચાલકે કર્લી પુલ પર ત્રણ વાહનોને ઉડાવ્યા : પાંચ ઈજાગ્રસ્ત

પોરબંદર, તા.૨૧ : પોરબંદરમાં હિટ એન્ડ રનની ઘટના બની છે. પોરબંદર શહેરમાં કર્લી પુલ પર પૂરપાટ ઝડપે દોડતી કારના ચાલકે ત્રણ ટુ વ્હીલરોને અડફેટે લીધા હતા. આ ગોઝારા અકસ્માતમાં પાંચ લોકો ઈજાગ્રસ્ત થયા હતા જેમાંથી એક ટીઆરબી મહિલા જવાનનું મોત થયું છે. આ ગોઝારા અકસ્માત સર્જનાર ચાલક દારૂના નશામાં હોવાની પણ ચર્ચા ફેલાઈ છે. જ્યારે આ અકસાત બાદ ચાલક સહિત કારમાં બેઠેલા અન્ય લોકો પણ ફરાર થઈ ગયા છે. હાલ આ અંગે સ્થાનિક પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

આ અંગે મળતી માહિતી પ્રમાણે, પોરબંદરના કર્લીના પુલ પર પૂરપાટ સ્પીડે આવતી કારે ગતરાત્રે ૯થી ૯.૩૦ વાગ્યાની આસપાસ ગોઝારો અકસ્માત સર્જયો હતો. આ પૂરપાટ ઝડપે આવતી કારે ત્રણ જેટલા વાહનોને અડફેટે લીધા હતા. જેમાં ટીઆરબી તરીકે ફરજ બજાવતી શિવાની લાખાણી નામની યુવતીનુ મોત નીપજ્યુ છે. વાહનોને અડફેટે લેતા કુલ પાંચ લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ અકસ્માત સર્જનાર કારનો નંબર જીજે ૨૫ જે ૪૩૦૩ છે. આ નંબર અને સીસીટીવીના આધારે પોરબંદર પોલીસ કારના ચાલક સુધી પહોંચી શકે છે.

આ અકસ્માત બાદ લોકોમાં ચર્ચા છે કે, કારનો ચાલક દારૂના નશામાં હતો. જેના કારણે તેનો સ્પીડ પર કાબુ રહ્યો ન હતો. લોકોના જણાવ્યા પ્રમાણે કારમાં દારૂ સહિતની નશાની વસ્તુઓ પણ મળી આવી હતી. હાલ ઈજાગ્રસ્તોને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અમદાવાદમાં ઈસ્કોન બ્રિજ પર તથ્ય પટેલ કાંડની શાહી હજુ ભુસાઈ નથી ત્યારે પોરબંદરમાં વધુ એક નબીરાએ હિટ એન્ડ રનની ઘટના સર્જી છે. બેફામ કાર ચાલકે પાંચ બાઈક અને સ્કુટરને હડફેટે લીધા હતા. આ ઘટનામાં પાંચ લોકો ઈજાગ્રસ્ત બન્યા હતા જેમાં ટ્રાફિક સહાયક તરીકે ફરજ બજાવતી એક યુવતિનુ મોત થતા ભારે અરેરાટી વ્યાપી ગઈ હતી. અકસ્માત સર્જીને કારચાલક નાશી છૂટ્યો હતો.

## ભારતની હારથી દુઃખી થયેલા સોફટવેર એન્જીનીયરનું હાર્ટએટેકથી મૃત્યું

તિરુપતિ,તા. ૨૧ : રવિવારે વર્લ્ડ કપ ફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામેની ભારતની હારના દુઃખમાંથી બહાર ન આવી શકતાં ટીમ ઈન્ડિયાના એક કટ્ટર ચાહકનું હૃદયરોગના હુમલાથી મૃત્યુ થયું હતું. આ દુઃખદ ઘટના આંધ્ર પ્રદેશના તિરુપતિ જિલ્લામાં બની છે. સોફટવેર એન્જિનિયર જયોતિ કુમાર યાદવ (૩૨)ને ફાઈનલમાં ઓસ્ટ્રેલિયા સામે હારતા જોયા બાદ કાર્ડિયાક અરેસ્ટ થયો હતો. ભારતીય કેપ્ટન રોહિત શર્માને રડતા જોઈને જયોતિ કુમાર ભાવુક થઈ ગયા હતા. પરિવારના સભ્યોના જણાવ્યા અનુસાર, તિરુપતિ ગ્રામીણ મંડળના દુર્ગાસમુદ્રમ ગામમાં પોતાના ઘરે ટેલિવિઝન જોતી વખતે તે ભાંગી પડ્યો હતો. તેને તાત્કાલિક તિરુપતિની રૂઈયા હોસ્પીટલમાં લઈ જવામાં આવ્યો, જયાં ડોકટરોએ તેને મૃત જાહેર કર્યો હતો.

## બાળકોની આત્મહત્યા માટે માતા-પિતા જ જવાબદાર : સુપ્રિમ કોર્ટ

કોટા,તા. ૨૧ : કોટા આત્મહત્યા કેસમાં સુપ્રીમ કોર્ટે બાળકોના માતા-પિતાને જવાબદાર ઠેરવ્યા છે. એક અરજી પર સુનાવણી દરમિયાન કોર્ટે કહ્યું કે કોટામાં બાળકો જે રીતે આત્મહત્યા કરી રહ્યા છે તેના માટે માત્ર માતા-પિતા જ જવાબદાર છે. તે સાથે કોર્ટે કોચિંગ સેન્ટરો પર લગામ લગાવવાનો ઈન્કાર કરી દીધો હતો. તમને જણાવી દઈએ કે આ વર્ષે અત્યાર સુધીમાં કોટામાં ૨૪ બાળકો આત્મહત્યા કરી ચૂક્યા છે. સુપ્રીમ કોર્ટે કહ્યું કે બાળકો તેમના માતા-પિતાની ઈચ્છાથી મોતને ભેટે છે. માતાપિતા તેમના બાળકો પાસેથી તેમની ક્ષમતા કરતાં વધુ અપેક્ષા રાખે છે. જેના કારણે બાળકો દબાણમાં આવીને આત્મહત્યા જેવું પગલું ભરે છે. ટોચની અદાલત મુંબઈ સ્થિત ડોકટર અનિરુદ્ધ નારાયણ માલપાણીની અરજી પર સુનાવણી કરી રહી હતી, જેમણે બાળકોની આત્મહત્યા માટે કોચિંગ સેન્ટરોને જવાબદાર ઠેરવ્યા હતા.

## ક્રેડિટ કાર્ડ અને પર્સનલ લોન મોંઘી થશે

નવી દિલ્હી,તા. ૨૧ : રિઝર્વ બેંક દ્વારા પર્સનલ લોનના નિયમોને કડક બનાવ્યા બાદ તમામ બેંકો અને નોન-બેંકિંગ ફાઈનાન્શિયલ કંપનીઓએ વ્યાજદરમાં વધારો કરવાની તૈયારી કરી લીધી છે. બેંકોનું કહેવું છે કે નવા નિયમોથી કન્ઝ્યુમર લોન પ્રોડક્ટ્સની માંગ પર અસર થશે. પર્સનલ લોનના દર વધારવા અંગેનો નિર્ણય બેંકર્સની બેઠકમાં એક-બે દિવસમાં લેવામાં આવી શકે છે. રીઝર્વ બેંકે તાજેતરમાં અસુરક્ષિત લોનના જોખમના વજનમાં ૨૫ ટકાનો વધારો કર્યો છે. આ પગલાથી ગ્રાહક લોનમાં જોખમનું વજન વધીને ૧૨૫ ટકા થઈ ગયું છે. તેનો મતલબ એ થયો કે અગાઉ બેંકોએ દર ૧૦૦ રૂપિયાની લોન માટે ૯ રૂપિયાની મૂડી જાળવી રાખવાની જરૂર હતી, હવે તેણે ૧૧.૨૫ રૂપિયા જાળવવા પડશે. તે જ સમયે, બેંકો માટે ક્રેડિટ કાર્ડ લોનમાં જોખમનું વજન ૧૫૦ ટકા હશે, લોનની માંગ વધવાથી વ્યાજ દરો ઊંચા રહેશે.

## મણીપુરમાં પુનઃ હિંસા ભડકી પોલીસકર્મી સહિત બેનાં મોત

ઈમ્ફાલ તા. ૨૧

મણિપુરમાં અનુસૂચિત જનજાતિના દરજ્જાની મેઈતેઈ સમુદાયની માંગ સામે આદિવાસી એકતા કૂચ બાદ હિંસા ફાટી નીકળી હતી. જેના કારણે અત્યાર સુધીમાં ૧૮૦થી વધુ લોકોના મોત થયા છે. મણિપુરની વસ્તીમાં મેઈતેઈ લોકોની સંખ્યા લગભગ ૫૩ ટકા છે. જ્યારે આદિવાસીઓ, જેમાં નાગા અને કુકીનો સમાવેશ થાય છે, તેમની વસ્તીના લગભગ ૪૦ ટકા છે. હિંસાની એક ઘટનામાં, કાંગપોકપી જિલ્લામાં બે હરીફ જૂથો વચ્ચે ગોળીબાર દરમિયાન હેનમિનલેન વાઈફેઈના પોલીસકર્મી સહિત બે વ્યક્તિઓએ જીવ ગુમાવ્યો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર, ગોળીબાર હરોથેલ અને કોબશા ગામની વચ્ચેના સ્થળે કરવામાં આવ્યો હતો, જોકે હજુ સુધી એ સ્પષ્ટ નથી થયું કે ફાયરિંગનું કારણ શું હતું.

## દેશમાં ઘઉંનું વાવેતર પાંચ ટકા ઘટયું : હીટવેવની અસર



નવી દિલ્હી તા.૨૧ : દેશમાં અલનીનોની અસરના કારણે ભારે ગરમી પડી હતી. આથી તમામ શિયાળુ પાકોનું વાવેતર મોડુ થયું છે. કેન્દ્રીય કૃષિ મંત્રાલય અનુસાર શિયાળુ પાકમાં મુખ્ય એવા ઘઉંનું વાવેતર અત્યાર સુધીમાં ૮૬.૦૨ લાખ હેકટરમાં થયું છે. જે ગત વર્ષે આ સમયે ૯૧.૨ લાખ હેકટર હતું.

નવેમ્બરનાં સુધીમાં સરકારનો ઘઉંના ૧૦૦ લાખ હેકટરનો વાવેતરનો લક્ષ્યાંક છે. અલનીનોની અસર ઘઉંના ઉતારા અને ઘઉંની કવોલીટી પર પડશે. ગત વર્ષે પણ હીટવેવને કારણે ઘઉંના ઉતારા અને કવોલીટી નબળા પડયા હતા. અલનીનોની અસરને કારણે ગત વર્ષ કરતા ચાલુ વર્ષે સ્થિતિ વધુ ખરાબ બનવાના સંકેતો મળી રહ્યા છે.

રાજસ્તાન અને મધ્યપ્રદેશમાં માર્ચના એન્ડમાં નવા ઘઉં તૈયાર થાય છે અને પંજાબ-હરીયાણામાં એપ્રિલના મધ્યમાં નવા ઘઉં તૈયાર થાય છે.

## ૨૦૨૪નાં અંત સુધીમાં સેન્સેકસ ૮૬૦૦૦ને સ્પર્શી જવાની વિદેશી બ્રોકરેજની આગાહી

નવી દિલ્હી,તા. ૨૧

મોટાભાગના વિદેશી બ્રોકરેજ કેલેન્ડર વર્ષ ૨૦૨૪માં સ્થાનિક શેરબજારમાં ઉછાળાને લઈને ઉત્સાહિત છે. જો કે, તે વૈશ્વિક ભૌગોલિક રાજકીય વિકાસ, ક્રૂડ ઓઈલની કિંમતો અને આ પૃષ્ઠભૂમિમાં કેન્દ્રીય બેંક દ્વારા લેવામાં આવેલા પગલાં વિશે પણ સાવચેત છે કારણ કે તેની બજાર પર અસર પડી શકે છે. તેમનું માનવું છે કે આગામી વર્ષે એપ્રિલ-મે મહિનામાં દેશમાં યોજાનારી સામાન્ય ચૂંટણીના કારણે શેરબજારમાં અસ્થિરતા વધી શકે છે અને રોકાણકારોની નજર પણ તેના પર કેન્દ્રીત રહેશે.

ઉદાહરણ તરીકે, ગોલ્ડમેન સેક્સ માને છે કે ૨૦૨૪ના અંત સુધીમાં સેન્સેકસ ૮૬૦૦૦, નિફટી ૫૦ ઈન્ડેક્સ ૨૧,૮૦૦ના સ્તરને સ્પર્શી શકે છે, જે વર્તમાન સ્તર કરતાં લગભગ ૧૧ ટકા વધુ છે.

ગોલ્ડમેન સેક્સે તાજેતરની નોંધમાં જણાવ્યું હતું કે ૨૦૨૪નો પ્રથમ ભાગ ચૂંટણી પૂર્વેના વલણો અને સરકારી ખર્ચમાં સુધારા પર ધ્યાન કેન્દ્રિત કરશે. ચૂંટણી બાદ રોકાણમાં ફરી તેજી આવશે, ખાસ કરીને ખાનગી ક્ષેત્રમાં રોકાણ વધવાની ધારણા છે.

## ૫૦ લાખથી વધુની કરચોરીનાં કિસ્સામાં જ ૧૦ વર્ષ પુર્વેનાં આવકવેરા રીટર્ન રી-ઓપન થવાની મર્યાદા

મુંબઈ તા. ૨૧

દિલ્હી હાઈકોર્ટે એક મહત્વના ચુકાદામાં ૨૦૧૫-૧૬ અને ૨૦૧૬-૧૭ના નાણાકીય વર્ષમાં આવકવેરા રીટર્ન રી-ઓપન કરવા મુદે થયેલી સંખ્યાબંધ અરજીઓનો ચૂકાદો આપતા ૧૦ વર્ષ પુર્વેના આવકવેરા રીટર્ન રી-ઓપન કરવા માટેની એક મર્યાદા બાંધતા જણાવ્યું હતું કે તે આવકવેરા ચોરીનો પુરતા પુરાવા સાથેનો ગંભીર કેસ હોય અને જો છુપાયેલી આવક રૂા.૫૦ લાખ કે તેથી વધુ થતી હોય તો જ આ પ્રકારે રીટર્ન ઓપન કરી શકાશે. હાઈકોર્ટના આ ચૂકાદો ખાસ કરીને નોટબંધી બાદ ભરાયેલા આવકવેરા રીટર્નમાં આઈટી દ્વારા જે થોકબંધ નોટીસો ફટકારવામાં આવી હતી તેવા હજારો કરદાતાઓ માટે રાહતની સ્થિતિ બનશે.

હાઈકોર્ટે જણાવ્યું કે તે જો આવકવેરા વિભાગની જોગવાઈ હેઠળ જો છુપાયેલી આવક રૂા.૫૦ લાખથી ઓછી હોય તો તે કરદાતાને કલમ ૧૪૯(૧)ની પેટા કલમ ‘એ’ હેઠળ ત્રણ વર્ષના ગાળામાં જ આ પ્રકારે નોટીસ ઈશ્યુ કરી શકાશે પણ ૧૦ વર્ષની સમય મર્યાદા રૂા.૫૦ લાખ કે તેથી વધુની કરચોરીના કેસમાં જ અમલી બનશે.

## પ્રતિષ્ઠીત એમી એવોર્ડથી સન્માનીત થનાર એકતા કપુર પ્રથમ ભારતીય મહિલા : વીર દાસને બેસ્ટ કોમેડી એવોર્ડ

નવી દિલ્હી,તા.૨૧ : પ્રખ્યાત ઈન્ટરનેશનલ એમી એવોર્ડ્સની ગણતરી વિશ્વના સૌથી પ્રતિષ્ઠિત સન્માન સમારોહમાં થાય છે. આ વખતે ન્યૂયોર્કમાં યોજાનાર આ શોમાં, OTT પ્લેટફોર્મની બે શ્રેણીને આંતરરાષ્ટ્રીય એમી એવોર્ડ્સ માટે નામાંકિત કરવામાં આવી હતી. શ્રેષ્ઠ શ્રેણી ગણાતી શેફાલી શાહની ‘દિલ્હી ક્રાઈમ ૨’ અને વીર દાસની કોમેડી સ્પેશિયલ ‘વીર દાસઃ લેન્ડીંગ’ નોમિનેટ થઈ હતી. અસંખ્ય નામાંકનોમાં, પ્રખ્યાત નિર્માતા અને ફિલ્મ નિર્માતા એકતા કપૂરને કલા અને મનોરંજનની દુનિયામાં તેમના મહત્વપૂર્ણ યોગદાન માટે સન્માનિત કરવામાં આવી હતી. વીર દાસને કોમેડી સિરીઝ કેટેગરીમાં ઈન્ટરનેશનલ એમી એવોર્ડ આપવામાં આવ્યો હતો. આ જ કેટેગરીમાં હેટ્રિક પ્રોડક્શનના બેનર હેઠળ બનેલી ‘ડેરી ગર્લ્સ સીઝન ૩’ને પણ એવોર્ડ આપવામાં આવ્યો હતો. ફેમસ બિઝનેસ વુમન એકતા કપૂરે એમી એવોર્ડ જીતીને ઈતિહાસ રચ્યો છે. આ પ્રતિષ્ઠિત સન્માનથી સન્માનિત થનાર તે પ્રથમ ભારતીય મહિલા છે.

## ગોધરા - દાહોદ હાઈવે પર બે બસ વચ્ચે જોરદાર ટક્કર : ચારનાં મોત



પંચમહાલ (ગોધરા) તા. ૨૧

આજે વહેલી સવારે ગોધરા તાલુકાના દાહોદ હાઈવે પાસે આવેલા ગઢચુંદરી ગામે પાર્ક કરેલી બસને પાછળથી પૂરપાટ આવતી અન્ય બસે ટક્કર મારતા ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. જેમાં બસમાં સવાર ૪ લોકોનાં મોત નિપજ્યાં હતા. જેમાં બે વર્ષના બાળક સહિત એક યુવાન ગંભીર રીતે ઘાયલ થતા વડોદરા હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. આ ઉપરાંત ૧૭ લોકોને નાની મોટી ઈજાઓ પહોંચતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યાં છે. પંચમહાલ જિલ્લાના વડામથક ગોધરા-દાહોદ હાઈવે પર આવેલા ગઢચુંદડી ગામ પરવડી ચોકડી પાસે વહેલી સવારે અકસ્માતની ઘટના બની હતી. જેમા બે લકઝરી બસ વચ્ચે અકસ્માત થયો હતો. બસમાં સવાર ચાર લોકોના મોત નિપજ્યા છે. જ્યારે અન્ય ૧૭ જેટલા ઘાયલ લોકોને ગોધરાની સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે. અકસ્માતની જાણ થતા તંત્રના અધિકારીઓ અને પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો. અકસ્માત વહેલી સવારે સાડાત્રણની આસપાસ થયો હોવાની માહીતી છે. અકસ્માતના પગલે ગોધરા સિવીલ હોસ્પિટલનુ સંકુલ ૧૦૮ની સાયરનોથી ગુંજી ઉઠ્યુ હતુ. પ્રાપ્ત વિગતો અનુસાર ઈન્દોરથી અમદાવાદ જઈ રહેલી એક લકઝરી બસમાં ખામી સર્જાતા હાઈવે પર પાર્ક કરીને તેમા રીપેરીંગની કામગીરી કરવામા આવી રહી હતી. તે સમયે આ માર્ગ પરથી પસાર થતી એક અન્ય લકઝરી બસના ચાલકે સ્ટીયરીંગ પરનો કાબૂ ગુમાવતા માર્ગ પર ઉભેલી બસને ટકકર મારી દીધી હતી.

હોટેલ ગ્રીનલેન્ડ
જૂનાગઢનાં પ્રવેશ દ્વારે આતિથ્યનું તોરણ
HOTEL GREENLAND | THAKAR ઠાકરથાળ
સુવિધાઓ
● બેન્કવેટ હોલ
● પાર્ટી લોન
મોર્ડન એમેનીટીઝ સાથેનાં લકઝરીયસ પર એ.સી. રૂમ
ઠાકર થાળ એક ખાનદાની પરંપરા
સ્વાદિષ્ટ ગુજરાતી થાળી
● ગુજરાતી ● પંજાબી ● ચાઈનીઝ
● સાઉથ ઈન્ડીયન ● કાઠીયાવાડી ● જૈન ફૂડ
જૂનાગઢ - રાજકોટ હાઈવે, ભેસાણ ચોકડી, જૂનાગઢ
૦૨૮૫ - ૨૬૬૧૬૮૩ મો. ૭૪૯૦૦ ૩૮૪૦૪
thegreenlandhotel.com
info@thegreenlandhotel.com

ખોડલધામ ટુર
તા. ૧૫-૦૩-૨૦૨૪ થી ટુર ઉપડશે
સ્લીપર બસ દ્વારા
દિવસ-૪૦
જેમાં મથુરા, હરીદ્વાર, નેપાળ સાથે બાર જયોતિર્લિંગ યાત્રાધામ રામેશ્વર, જગન્નાથપુરી, બદ્રીનાથ, દ્વારકા, ગંગાસાગર, તિરૂપતિ, કન્યાકુમારી, કેરલા તમામ સુવિધા સાથે
એક વખત ખોડલધામની યાત્રામાં સહકુટુંબ સાથે પ્રવાસ કરશો તો તમારી આ યાત્રા યાદગાર રહેશે - એક વખત ચારધામની યાત્રા કરી જીવન સાર્થક બનાવો
વહેલા તે પહેલાનાં ધોરણે
: બુકીંગ સંપર્ક :
મથુરભાઈ વાગડીયા
મો. ૮૦૦૦૦ ૧૧૭૨૭ - જૂનાગઢ

મહાયોગી વિરેચન ચૂર્ણ
દરેક દિવસ, દરેક પળ આનંદમાં રહેવા માટે મહાયોગી ચૂર્ણનો ઉપયોગ કરો
કબજીયાત, ગેસ, એસીડીટી, અપચો, પેટનો દુઃખાવો, પેટ ફુલવુ, ખાટા ઓડકાર, હરસની તકલીફ વગેરેમાં ગુણકારી
પાચન ક્રિયાને વ્યવસ્થીત રાખે છે
માર્કેટેડ બાય : સાગર માર્કેટીંગ
શોપ નં. ૧૧૧/૧૧૨, ક્રિસ્ટલ કોમ્પ્લેક્ષ, ફર્સ્ટ ફલોર, ફિલિપ્સ હોટલ પાસે, ચિત્તાખાના ચોક, જૂનાગઢ
ઓલ ગુજરાતનાં સ્ટોકીસ્ટ વ્યાપારીક પુછપરછ આવકાર્ય
મો. ૯૮૨૪૦ ૯૮૯૫૦ ૯૪૨૯૭ ૭૫૦૭૫

“2023 ભારત સરકાર દ્વારા નવા નિયમ મુજબ”
CNG સિલિન્ડરનું રીટેસ્ટીંગ માટે પ્લાન્ટ પર ફરજીયાત આવવું પડશે કેમ કે ?..
એ. એસ. ઓટો ગેસ
(સરકાર માન્ય (PESO) ટેસ્ટીંગ પ્લાન્ટ)
ખામધ્રોળ ચોકડી, ટોરેન્ટ CNG પંપની બાજુમાં, જુનાગઢ
(૧) ટેસ્ટીંગ પ્લાન્ટ ઉપર ગાડી નંબર પ્લેટ ફોટો સ્ટાફ સાથે પડશે
(૨) સિલિન્ડરનો ફોટો સ્ટાફ સાથે પડશે ઉપરોક્ત બન્ને ફોટા આપના સર્ટીફીકેટમાં આવશે.
જેમ “P.U.C.” માટે સ્ટેશન ઉપર જવુ પડે તેમ ટેસ્ટીંગ માટે પ્લાન્ટ પર આવવું ફરજીયાત છે.
ટેસ્ટીંગ માટે પ્લાન્ટ પર આવો સમય - રૂપિયાની બચત કરો
A. S. AUTO GAS
96383 23542 / 98984 48644

ફલેટ વેચવાનો છે
2 BHK ડાઈનીંગ, ફલેટ
2BHK ડાઈનીંગ, ફુલ ફર્નિચર, ડાઈનીંગ ટેબલ, સોફાસેટ, પલંગ સાથે તદ્દ્ન વ્યાજબી ભાવમાં, પહેલી નજરમાં આપને ગમી જશે,
નોબલ ટાવર નહેરૂપાર્ક,
દલાલભાઈ આવકાર્ય
મો. ૯૩૨૭૫ ૮૯૪૨૦

તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પદ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પદ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...

C M Y K



# જૂનાગઢ સહિત સોરઠમાં ધુમ્મસ સાથે ગુલાબી ઠંડીનો ચમકારો

(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૧

જૂનાગઢ સહિત સમગ્ર સોરઠમાં ધુમ્મસ સાથે ગુલાબી ઠંડીનો ચમકારો થયો છે. ગઈકાલે સોમવારે જૂનાગઢ સહિત સોરઠમાં ધુમ્મસનું આક્રમણ થયું હતું. જેના પરિણામે સમગ્ર પ્રદેશમાં ગુલાબી ઠંડીનો ચમકારો રહ્યો હતો. સવારે જૂનાગઢ વિસ્તારના વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધીને ૭૧ ટકાએ પહોંચી જતા ધુમ્મસનું આક્રમણ થયું હતું.

સાથે સાથે લઘુતમ તાપમાન ૧૮.૧ ડિગ્રી નોંધાતા ગુલાબી ઠંડીનું મોજું ફરી વળ્યું હતું. સોમવારે બપોરના જૂનાગઢ શહેરનું લઘુતમ તાપમાન ૩૫ ડિગ્રી નોંધાયું હતું જેના કારણે દિવસ દરમ્યાન ઠંડક રહી હતી. જયારે આખો દિવસ પવન ૪.૨ કિલોમીટરની પ્રતિ કલાકની ઝડપે ફૂંકાતા ગુલાબી ઠંડીની અસર બેવડાઈ હતી. આગામી દિવસોમાં પણ ઠંડીનું જોર વધવાની સંભાવના હવામાન વિભાગે વ્યકત કરી છે.

# જૂનાગઢ ડીવીઝનના વેરાવળ ડેપોએ દિવાળીના તહેવારો દરમ્યાન રૂા.૧૫ લાખથી વધુની આવક કરી



(પ્રતિનિધી દ્વારા)

વેરાવળ તા.૨૧

વેરાવળ એસ ટી તંત્રને દિવાળી ફળી હોય તેમ રૂા.૧૫ લાખથી વધુની આવક મેળવી જૂનાગઢ ડીવીઝનના નવ ડેપોમાં વેરાવળ ડેપો આવકની દ્રષ્ટીએ પ્રથમ સ્થાને આવેલ છે.

જૂનાગઢ ડીવીઝનમાં આવેલ વેરાવળ એસ ટી ડેપો મેનેજર ડી.આર.શામળા, મદદનીશ દયારામબાપુ મેસવાણીયા સહીતના સ્ટાફે દિવાળીના તહેવારો દરમ્યાન વેકેશનમાં લોકો એસ ટી બસનો લાભ લઈ શકે તે માટે આયોજન કરી તા.૯-૧૧ થી તા.૧૯-૧૧-૨૦૨૩ સુધીના ૧૧ દિવસમાં રૂા.૧૫,૫૮,૦૭૭ ની આવક મેળવેલ છે. જેમાં એકસ્ટ્રા બસોનું સંચાલન કરવાની આ આવક મેળવેલ છે. જૂનાગઢ ડીવીઝનના નવ ડેપોમાં વેરાવળ એસ ટી ડેપો એ આવકમાં પ્રથમ સ્થાન મેળવેલ છે. આ અંગેની વધુ માહીતી આપતા મેનેજર દિલીપભાઈ શામળાએ જણાવેલ કે, દિવાળી વેકેશનના ૧૧ દિવસમાં ૪૫૯ ટ્રીપ કરાયેલ અને ૪૬૫૯૯ કી.મી. એસ ટી બસો ફરેલ અને ૧૮૩૭૦ જેટલા મુસાફરોએ મુસાફરી કરેલ જેમાં ૧૨૬ બસો એકસ્ટ્રા વપરાયેલ હતી. આ ઉપરાંત સોમનાથ-વેરાવળ થી કાયમી ધોરણે દોડતી અમદાવાદ, સુરત, વડોદરા, જૂનાગઢ, રાજકોટ સહીતની બસો અને રીર્ઝવેશન સહીતનો યાત્રીકોએ બ્હોળી સંખ્યામાં લાભ લીધેલ હોવાનું એક યાદીમાં જણાવેલ છે.

આગામી દિવસોમાં સોમનાથ ખાતે યોજાનારા કાર્તિકી પૂર્ણીમાંના મેળામાં પણ વેરાવળ એસ ટી ડેપો મેનેજર ડી.આર.શામળા, દયારામબાપુ સહીતના દ્વારા તા.૨૨ નવેમ્બરના સાંજથી જ મેળામાં જવા માટે બસોની સેવા શરૂ કરવામાં આવનાર છે જેમાં હાલના તબકકે ચાર થી પાંચ બસો ફાળવેલ હોય જેમાં વધુ જરૂરીયાત ઉભી થતા વધુ બસોનો ઉમેરો કરવામાં આવનાર છે. આ બસો વેરાવળમાં ઈન્ડીયન રેયોન, શિક્ષક કોલોની, બાયપાસ નમસ્તે હોટલ ખાતે મુસાફરોને ચડવા-ઉતરવા સહીતના સ્ટોપો આપેલ છે અને આ વખતે સોમનાથ ખાતેનું બસ સ્ટેશન કાર્તિકી પૂર્ણીમાંના મેળાના ગ્રાઉન્ડથી નજીક હોય જેથી લોકોને બસોની સુવિધામાં અવર-જવર કરવી સુગમ રહેનાર છે.

# જૂનાગઢ શહેરમાં રસ્તા, ગટર પાઈપલાઈનના કામોમાં અવિરત હેરાન થતા નગરજનો



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

જૂનાગઢ મધુર સોશ્યલ ગ્રુપ દ્વારા મહાનગરપાલિકાના કમિશ્નરને એક પત્ર પાઠવી શહેરના રસ્તા, ગટર પાઈપલાઈનના પ્રશ્ને તત્કાલ કાર્યવાહી કરવાની માંગણી કરી છે. આ આવેદનપત્રમાં વધુમાં જણાવેલ છે કે, જૂનાગઢ શહેરમાં સતત પણે વિકાસ કામોની ઝંખના રાખતા નાગરિકોના ભાગે જાણે કે સુખ સુવિધાના બદલે હાલાકી જ લખાય હોય તેવી રીતે શહેરના વિવિધ વિસ્તારોમાં રસ્તાના સતત પણે કામ ચાલે છે, શહેરના મોટાભાગના રસ્તાઓમાં આંગળીથી લઈ ગોઠણ સુધીના ખાડાઓની સમસ્યાનું જાણે કે ક્યારેય પૂરી રીતે નિવારણ કરવામાં આવતું ન હોય તેમ શહેરમાં ખાડા વાળા રસ્તાઓથી પ્રજાનો કાયમી નાતો બંધાઈ ગયો હોય તેમ પાઈપ અને ગટરના કામો માટે ડામર રોડ વારંવાર ખોદી નાખવામાં આવે છે. ખોદાયેલા રસ્તા ઝડપથી રીપેર થતા નથી. ગટર કામ માટે ખોદાયેલા રસ્તામાં માટીકામ શરૂ થાય ત્યાર પછી તંત્રને પાઈપલાઈન ફીટીંગ કે મોબાઈલ ટાવર કંપનીના કેબલ ઈન્સ્ટોલેશનનું કામ યાદ આવતું હોય તેમ ફરીથી રસ્તા ખોદી નાખવામાં આવે છે, આ જ રીતે નાગરિકોના ભાગે ખાડા વાળા રસ્તાઓ નસીબમાં લખ્યા હોય તેમ શહેરમાં ખાડા કે ખાડામાં આખું શહેર વસ્તુ હોય તેવો ઘાટ સર્જાઈ રહ્યો છે. જૂનાગઢ શહેરમાં વર્ષે હજારો નહીં પણ લાખો પ્રવાસીઓની અવરજવર થાય છે, ત્યારે મજેવડી દરવાજા, સ્ટેશન ચોક, વંથલી દરવાજા, બસ સ્ટેન્ડ, ટીંબાવાડી બાયપાસ, ભવનાથ, ધારાગઢ દરવાજા જેવા જૂનાગઢ શહેરમાં આવન જાવન વાળા રસ્તાઓ મગરની પીઠ જેવા થઈ ગયા હોય હજારો લોકો સામે જૂનાગઢ શહેરની આબરૂના લીરા ઉડતા હોય તેવી સ્થિતિનું તાકીદે નિવારણ લાવવાની માંગ ઉઠી છે. જો શહેરના રસ્તા રીપેર કરવાનું આયોજનબંધ કામ નહીં થાય તો ના છૂટકે મધુર સોશિયલ ગ્રુપ પ્રજાને સાથે રાખી સત્યાગ્રહ કરશે તેવી ચીમકી સંસ્થાના પ્રમુખ સલીમભાઈ ગુજરાતી અને અમિષ ગોસાઈએ ઉચ્ચારી છે.

## શું તણાવ અને પ્રદૂષણ જવાબદાર છે?

# નાની ઉંમરમાં લોકો સ્ટ્રોકનો શિકાર બની રહ્યા છે

## એક સમય હતો જ્યારે સ્ટ્રોક એ વૃદ્ધોનો રોગ હતો, પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં તે સૌથી નાના લોકોને પોતાનો શિકાર બનાવી રહી છે

નવી દિલ્હી, તા.૨૧

એક સમય હતો જ્યારે સ્ટ્રોક એ વૃદ્ધોનો રોગ હતો. પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં તે સૌથી નાના લોકોને પોતાનો શિકાર બનાવી રહી છે. હવે સ્થિતિ એટલી ખરાબ છે કે તે દેશ માટે ચિંતાનો વિષય બની ગયો છે. અભ્યાસ મુજબ, ૪૫ કે તેથી ઓછી ઉંમરના લોકોમાં સ્ટ્રોકના કેસમાં લગભગ ૧૦ થી ૧૪ ટકાનો વધારો થયો છે. જેના કારણે તે ગંભીર ચિંતાનો વિષય છે. કાર્ડિયોવેસ્ક્યુલર રોગ - એરિથમિયા, લિપિડ ડિસઓર્ડર, સ્થૂળતા, ડાયાબિટીસ, ધૂમ્રપાન, આલ્કોહોલ પીવું અને શારીરિક નિષ્ક્રિયતા - લોકોમાં સ્ટ્રોકનું જોખમ લગભગ ૫૦ ટકા જેટલું વધારે છે. તણાવ કેવી રીતે સ્ટ્રોકનું કારણ બને છે? તીવ્ર મનોવૈજ્ઞાનિક તણાવના લાંબા સમય સુધી સંપર્કમાં આવવાથી ઘટનાઓની સાંકળ ઉભી થઈ શકે છે. ન્યુરોએન્ડોક્રાઈન ફંક્શનમાં સમસ્યા જેના કારણે શરીરમાં સ્ટ્રેસ હોર્મોન્સ વધે છે. શરીરમાં વિવિધ જગ્યાએ સોજો. રક્ત પરિભ્રમણનું વિસ્ફોટ અથવા બગાડ, રક્ત પરિભ્રમણમાં કેલ્શિયમનું સંચય. પ્રદૂષિત અથવા આસપાસની હવામાં નેનોપાર્ટિકલ્સ, કાર્બન મોનોક્સાઈડ, સલ્ફર ડાયોક્સાઈડ, ગ્રાઉન્ડ લેવલ ઓઝોન અને નાઈટ્રોજન ડાયોક્સાઈડ હોય છે. બળતરા, ઓક્સિડેટીવ સ્ટ્રેસ અને લિપિડમાં ફેરફાર જ્યારે આપણે ગંદી હવા શ્વાસમાં લઈએ છીએ, ત્યારે નાના કણો આપણા ફેફસામાં બળતરા પેદા કરી શકે છે અને આપણા શરીરના બાકીના ભાગમાં ફેલાય છે અને આપણા હૃદય અને રક્તવાહિનીઓને અસર કરે છે. પ્રદૂષિત હવાના કેટલાક ખૂબ જ નાના કણો ફેફસાં દ્વારા રક્ત પરિભ્રમણમાં પ્રવેશી શકે છે અને મગજ સુધી લોહી પહોંચવામાં મુશ્કેલી ઊભી કરે છે. યુવાનીમાં સ્ટ્રોકના લક્ષણોને ઓળખવું મહત્વપૂર્ણ છે.

જેથી તેની પ્રારંભિક સારવારમાં મદદ મળી શકે. ચહેરાની નબળાઈ જે ચહેરાની એક બાજુએ અચાનક ઝુકાવ અથવા કુટિલ સ્મિતના સ્વરૂપમાં દેખાય છે. બોલવામાં અચાનક મુશ્કેલી અથવા શબ્દો યોગ્ય રીતે ઉચ્ચારવામાં અસમર્થતા. વ્યવસ્થિત રીતે જોઈ શકાતું નથી, દ્રષ્ટિની વિક્ષેપ આવે છે. અંગોમાં નબળાઈ, અંગો, ખાસ કરીને હાથ ખસેડવામાં મુશ્કેલી. કેટલાક કિસ્સાઓમાં, કેટલાક ચેતવણી ચિહ્નો સ્ટ્રોકના એક અઠવાડિયા પહેલા દેખાઈ શકે છે. આમાં ચક્કર, છાતીમાં દુખાવો અને શ્વાસની તકલીફનો સમાવેશ થાય છે.

# અમે હારી ગયા હોઈએ, પણ હાર પછી બધું ખતમ નથી થતું : ગીલ

## પોસ્ટમાં તેણે હાર બાદ પોતાનું દર્દ વ્યક્ત કર્યું છે, ગિલની પોસ્ટમાં તમામ ભારતીય ખેલાડીઓ જોવા મળે છે

નવી દિલ્હી, તા.૨૧

વર્લ્ડ કપની ફાઈનલમાં ભારતીય ટીમને ઓસ્ટ્રેલિયાએ ૬ વિકેટે હરાવ્યું હતું. આ હારથી કરોડો ભારતીય ક્રિકેટ ચાહકોના દિલ તૂટી ગયા. આ સિવાય ખેલાડીઓના ચહેરા પર હારનું દુઃખ સ્પષ્ટ જોઈ શકાતું હતું. જોકે, ભારતીય ટીમના ઓપનર શુભમન ગિલે ઈન્સ્ટાગ્રામ પર પોસ્ટ કરી છે. આ પોસ્ટમાં તેણે હાર બાદ પોતાનું દર્દ વ્યક્ત કર્યું છે. શુભમન ગિલની પોસ્ટમાં તમામ ભારતીય ખેલાડીઓ જોવા મળે છે. શુભમન ગિલે પોતાની પોસ્ટના કેપ્શનમાં લખ્યું છે કે લગભગ ૧૬ કલાક વીતી ગયા છે, આ બધું ગઈકાલે રાત્રે થયું. કેટલીકવાર તમે તમારું ૧૦૦ ટકા આપો છો, પરંતુ તે પૂરતું નથી. અમે અમારા અંતિમ લક્ષ્ય સુધી પહોંચી શક્યા નહીં પરંતુ અદભૂત પ્રવાસમાં અમારી ટીમે ખૂબ જ સારી ટીમ ભાવના અને સમર્પણ બતાવ્યું. શુભમન ગિલે વધુમાં લખ્યુ કે અમારા પ્રશંસકોએ અમને ખૂબ સપોર્ટ કર્યો, અમે જીતીએ કે હારીએ, તમારો સપોર્ટ અમારા માટે ઘણો મહત્વનો છે. પણ આ હાર પછી બધુ ખત્મ થયું નથી... જય હિન્દ. જો કે શુભમન ગિલની પોસ્ટ સોશિયલ મીડિયા પર ઝડપથી વાયરલ થઈ રહી છે. આ સિવાય સોશિયલ મીડિયા યુઝર્સ સતત કોમેન્ટ કરીને પોતાનો પ્રતિભાવ આપી રહ્યા છે. વાસ્તવમાં આ વર્લ્ડ કપમાં શુભમન ગિલે શાનદાર બેટિંગ પ્રદર્શન કર્યું હતું, પરંતુ ફાઈનલ મેચમાં ૭ બોલમાં ૪ રન બનાવીને તે મિચેલ સ્ટાર્કના બોલ પર પેવેલિયન પરત ફર્યો હતો. ભારત અને ઓસ્ટ્રેલિયા વચ્ચે ૨૩ નવેમ્બર, ગુરૂવારથી ૫ મેચની T20 શ્રેણી રમાશે. જ્યારે શ્રેણીની છેલ્લી મેચ ૩ ડિસેમ્બર, રવિવારે રમાશે. આ સીરિઝ માટે ભારતીય ટીમની જાહેરાત કરવામાં આવી છે. સૂર્યકુમાર યાદવને કેપ્ટન અને ઋતુરાજ ગાયકવાડને વાઈસ કેપ્ટન બનાવાયો છે. શ્રેયસ ઐયર છેલ્લી બે મેચમાં ટીમ સાથે જોડાશે અને વાઈસ કેપ્ટનની ભૂમિકા પણ નિભાવશે. ભારતે આ સિરીઝમાં પાંચ T20 રમવાની છે. ઈજામાંથી સ્વસ્થ થયેલા ગુજરાતી ઓલરાઉન્ડર અક્ષર પટેલની વાપસી થઈ છે.


## શિયાળામાં લોકો આદુની ચા અથવા તેનો ઉકાળો પીવે છે

# આદુના વધુ પડતા ઉપયોગથી શરીરમાં નુકસાન થાય છે

નવી દિલ્હી, તા.૨૧

જ્યારે પણ હવામાનમાં ફેરફાર થાય છે ત્યારે લોકોમાં બીમારીઓ વધવા લાગે છે. ઉનાળાની ઋતુની જેમ શિયાળો પણ પોતાની સાથે અનેક બીમારીઓ લઈને આવે છે. જે લોકો ઉનાળામાં ગરમ વસ્તુઓથી દૂર ભાગે છે, શિયાળામાં તેને ખાવા લાગે છે કારણ કે આ ઋતુમાં ગરમ વસ્તુઓ પીવાથી શરીરમાં ગરમી આવે છે. શિયાળામાં લોકો મોટે ભાગે આદુની ચા અથવા તેનો ઉકાળો પીવે છે. આદુ ગરમ સ્વભાવનું હોવાથી તેનું સેવન કરવાથી ઠંડીનો અહેસાસ ઓછો થાય છે. પરંતુ શું તમે જાણો છો કે તેનું વધુ સેવન કરવાથી ઘણી શારીરિક સમસ્યાઓ થઈ શકે છે. આજે અમે તમને આદુના વધુ પડતા સેવનથી શરીરમાં થતી કેટલીક સમસ્યાઓ વિશે જણાવીશું. આદુ ભલે શરીરને હૂંફ આપે છે, પરંતુ તેનું વધુ સેવન કરવાથી પેટમાં બળતરા, એસિડ બનવા, ગેસ અને કબજિયાત જેવી સમસ્યાઓ થઈ શકે છે. જો કે, જો તમે જમ્યા પછી થોડી માત્રામાં તેનું સેવન કરો છો, તો તે પેટ ફૂલવાની સમસ્યાને ઘટાડી શકે છે. આદુમાં એવા ગુણ હોય છે જે લોહીને પાતળું કરી શકે છે. જો કે, તેનું વધુ પડતું સેવન લોહીના ગંઠાઈ જવાને અસર કરી શકે છે. તેનું વધુ સેવન કરવાથી તે લોકોની સમસ્યાઓ વધી શકે છે જેઓ લોહીને પાતળું કરવાની દવાઓ લેતા હોય છે. ખોરાકમાં વધુ પડતા આદુનો સમાવેશ કરવાથી ઈન્સ્યુલિનના સ્તરમાં અવરોધ ઊભો થઈ શકે છે. જેના કારણે બ્લડ શુગર લેવલ અચાનક ઘટી શકે છે. જો તમે આદુનું વધારે સેવન કરો છો તો આ સમસ્યા તમને પરેશાન કરી શકે છે. તેથી, આદુનો ઉપયોગ શક્ય તેટલો મર્યાદિત માત્રામાં કરો. સામાન્ય શરદીની સ્થિતિમાં સૌ પ્રથમ ઘરગથ્થુ ઉપચાર અપનાવીને તેને ઠીક કરવો જોઈએ. શરદી અને ઉધરસની સ્થિતિમાં આદુનો રસ પીસેલા કાળા મરી અને મધમાં ભેળવીને સવારે ખાલી પેટ ખાવાથી ગળામાં આરામ મળે છે. દેશી ઘી ગરમ કરો, તેમાં પીસેલા કાળા મરી અને ગોળ ઉમેરો અને એક મિનિટ પકાવો, પછી તેને ગરમ હોય ત્યાં સુધી ખાઓ અને ઘી પીવો. તમને ઉધરસમાં તરત જ રાહત મળશે. ગરમ પાણીમાં સેંધા મીઠું મિક્સ કરીને દિવસમાં ત્રણ વખત કોગળા કરો. આનાથી કાકડામાં રાહત મળશે અને શરદી અને ઉધરસમાં રાહત મળશે.

# ભારતીય રેલવેની એક સ્ટેશન એક ઉત્પાદનની યોજનાનો લાભ લેતા લોકો



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

ભારતીય રેલવેની 'એક સ્ટેશન એક ઉત્પાદન' યોજનાથી વિક્રેતાઓ અને ગ્રાહકો બંનેને સમાન રૂપે લાભ મળી રહ્યો છે. પશ્ચિમ રેલવેના ૮૩ રેલવે સ્ટેશનો ઉપર ૮૬ એક સ્ટેશન એક ઉત્પાદન આઉટલેટ ગુજરાત રાજ્યમાં ૪૮ સ્ટેશનો ઉપર ૫૧ એક સ્ટેશન એક ઉત્પાદન આઉટલેટ ઉપલબ્ધ છે. આ યોજનાનો ઉદ્દેશ 'વોકલ ફોર લોકલ' વિઝનને પ્રોત્સાહન આપવાનો છે. આ સ્થાનિક અને સ્વદેશી ઉત્પાદનો માટે એક બજાર ઉપલબ્ધ કરાવે છે.

# જૂનાગઢમાં ગળાફાંસો ખાઈ યુવાનનો આપઘાત

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૨૧

જૂનાગઢના ટેલીફોન એકસચેન્જ, ગેડાનગર રોડ ઉપરના એક મકાનમાં એક યુવાને ગળાફાંસો ખાઈ જીવનનો અંત આણ્યો છે. આ અંગે પોલીસે આપેલી વિગત અનુસાર સાગર લીલાધરભાઈ ચુડાસમા(ઉ.વ.૨૬)એ પોતાની મેળે ઘરે ઉપરના રૂમમાં પંખામાં દુપટા વડે કોઈ અગમ્ય કારણોસર ગળાફાંસો ખાઈ લેતા મૃત્યું પામેલ છે. આ અંગેની જાણ પોલીસને કરવામાં આવતા એ ડીવીઝન પોલીસ દ્વારા ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી છે.

**વિસાવદર ગામની સીમમાં જાહેરમાં જુગાર રમતા પાંચ ઝડપાયા**

વિસાવદર પોલીસે ગઈકાલે ચોક્કસ બાતમીના આધારે વિસાવદર ગામની સીમમાં આવેલ પોપટડી નદીના પટમાં જુગાર અંગે દરોડો પાડતા જાહેરમાં જુગાર રમતા પાંચ શખ્સોને રૂા.૧૦,૭૧૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધેલ છે.

# તા.૨૩ને ગુરૂવારના રોજ દેવદિવાળી

કારતક સુદ અગિયારસને તા.૨૩ નવેમ્બરને ગુરૂવારના દિવસે દેવદિવાળી છે. દેવદિવાળીને પ્રબોધિની એકાદશી પણ કહેવામાં આવે છે. દેવદિવાળીના દિવસથી ગંગા નદીનો પ્રવાહ તથા સમુદ્ર શાંત થાય છે એવી માન્યતા છે. આ દિવસે ઉપવાસ કરવાથી એક હજાર અશ્વમેધ યજ્ઞનું ફળ મળે છે તથા સો રાજસૂય યજ્ઞ કર્યાનું ફળ મળે છે તથા બધા જ પાપ નાશ પામે છે.

દેવદિવાળીના દિવસે ખાસ કરીને તુલસી પૂજાનુ તથા શાલિગ્રામ ની પૂજા નુ મહત્ત્વ વધારે છે. સવારના સમયે તુલસીજી સાથે શાલિગ્રામ રાખી તુલસીજી ને ચૂંદડી ઓઢાડી પોતાના આંગણા અથવા અગાશી ઉપર રાખવા તેના ઉપર શેરડીના સાંઠા નો માંડવો કરવો,ભગવાનને કુદરતી લીલો મંડપ કરાતો હોવાથી શેરડીનો માંડવો જ શ્રેષ્ઠ ગણવામાં આવે છે તે ઉપરાંત શેરડી ધરવામાં આવે છે. શેરડીમાં ગળપણ હોવાથી તુલસી વિવાહ કરવા થી દાંપત્યજીવન મા પણ મીઠાશ આવે છે. અષાઢી સુદ અગિયારસના દિવસથી દેવતાઓ પોઢી જાય છે અને દેવદિવાળી ના દિવસથી દેવતાઓ જાગે છે, આથી આ દિવસ બાદ લગ્ન જેવા શુભ પ્રસંગોની શરૂઆત થશે. દેવદિવાળીના દિવસે શાલિગ્રામ ઉપર વિષ્ણુ સહસ્ત્ર નામ બોલતા બોલતા તુલસીપત્ર ચડાવવા ઉત્તમ છે. તુલસીવિવાહ માટે સાંજે પ્રદોષ કાળ શુભ સમય સાંજના ૬.૦૨ થી ૮.૩૮ સુધીનો છે. તુલસી વિવાહ કરવાથી ઘરમાં સુખ-શાંતિમાં વધારો થાય છે અને દાંપત્યજીવનમાં મીઠાશ આવે છે.જે કોઈ લોકોને પોતાની કુંવારી કન્યા મૃત્યુ પામી હોય તો તેની પાછળ પણ તુલસી વિવાહ લોકો કરાવતા હોય છે. દેવદિવાળી ના દિવસે સાંજના સમયે તુલસીજી પાસે ચોખ્ખા ઘી નો દીવો કરી તુલસી તથા શાલિગ્રામ નુ પૂજન કરી ૧૦૮ અથવા તો એક.હજાર વિષ્ણુ સહસ્ત્ર નામના પાઠ બોલી અને ૧૧ પ્રદક્ષિણા ફરવાથી જીવનની મુસીબતો દૂર થાય છે.દેવદિવાળીમાં ભગવાનનું ખાસ પૂજન કરવામાં આવે છે. દેવતાઓની દિવાળી તરીકે પણ આ તહેવારને ઓળખવામાં આવે છે. શાલિગ્રામ વિષ્ણુ ભગવાન નુ સ્વરૂપ છે આથી ભગવાનની પોડશોપચાર પૂજા કરવામાં આવે છે.

**શાસ્ત્રી રાજદીપ જોશી (વેદાંત રત્ન)**

# ગિરનાર લીલી પરિક્રમામાં પધારતા ભાવિકો માટે ગત વર્ષની સરખામણીમાં સુવિધાઓમાં વધારો કરાયો

- યાત્રાળુઓને ભોજન માટે ૭૧ જેટલા અન્નક્ષેત્રને પરવાનગીઃ આગના બનાવ ન બને તે માટેઅગ્નિશામક યંત્ર રાખવામાં આવશે
- યાત્રાળુઓની મુશ્કેલીઓ નિવારવા વન વિભાગ સહિતનો સ્ટાફ વાયરલેસ વોકીટોકી સાથે ઉપસ્થિત રહેશે
- નાયબ વન સંરક્ષક અક્ષય જોષીએ માધ્યમકર્મીઓને આપી જાણકારી



જૂનાગઢ, તા.૨૧

ગિરનાર લીલી પરિક્રમા દરમિયાન યાત્રાળુઓને અસુવિધા ન થાય તે માટે ગત પરિક્રમાઓની સરખામણીમાં સુવિધાઓ અને વ્યવસ્થાઓમાં વધારો કરવામાં આવ્યો છે. પીવાના પાણીના પોઈન્ટ વધારવાની સાથે પરિક્રમા રૂટ ઉપર લાઈટની સુવિધા પણ છેલ્લી પરિક્રમા કરતા વધારો કરવામાં આવ્યો છે. ઉપરાંત આ વર્ષે નવા અભિગમ સાથે અને વાતાવરણના બદલાવના કારણે આગ-દવના બનાવ ન બને તે માટે અગ્નિશામક યંત્ર રાખવાની શરત સાથે અન્નક્ષેત્રની પરવાનગી આપવામાં આવી છે.

આ સંદર્ભે વધુ જાણકારી આપતા નાયબ વન સંરક્ષક અક્ષય જોષીએ જણાવ્યું કે, યાત્રાળુઓને પરિક્રમા દરમ્યાન ભોજન માટે અગવડતા ન પડે તે માટે ૭૧ જેટલા અન્નક્ષેત્રને પરવાનગી આપવામાં આવી છે. પીવાના પાણી માટે વન વિભાગ દ્વારા ૧૫ જેટલા પોઈન્ટ ઉભા કરવામાં આવ્યા છે. ઉપરાંત પાણી પુરવઠા બોર્ડ દ્વારા પીવાના પાણીના પોઈન્ટ મુકવામાં આવ્યાં છે. આમ, ગત વર્ષની સરખાણીમાં પીવાના પાણીની સુવિધામાં પણ વધારો કરવામાં આવ્યો છે.

પરિક્રમા દરમ્યાન કોઈ ઈચ્છનીય બનાવ ન બને અને યાત્રાળુઓની સુરક્ષા માટે વેટરનરી ડોક્ટર અને ટ્રેકર સાથેની છ રેસક્યુ ટીમ બનાવવામાં આવી છે. સાથે જ યાત્રાળુઓ પણ વન્ય પ્રાણીઓને ન છંછેડે તે પણ હિતાવહ છે.

આ વર્ષે પરિક્રમા દરમ્યાન સ્વચ્છતા જળવાઈ રહે તે માટે વિશેષ ભાર આપવામાં આવ્યો છે. વન વિભાગ દ્વારા ૫૦૦ જેટલી ડસ્ટબિન મૂકવામાં આવી છે અને તેટલી જ સેવાભાવી સંસ્થાઓ દ્વારા કચરાપેટી મૂકવામાં આવી છે. તેમજ નવા અભિગમ સાથે યાત્રીઓને મુશ્કેલી ન થાય તે રીતે રાત્રિના જ કચરાથી ભરાયેલી ડસ્ટબીનમાંથી કચરો બહાર કાઢી લેવામાં આવશે. સાથે જતેનો યોગ્ય નિકાલ કરવામાં આવશે.

નાયબ વન સંરક્ષકે ભાવિકોને અનુરોધ કરતા કહ્યું કે, લીલી પરિક્રમા નિયત સમય એટલે કે, કારતક સુદ અગિયારસના દિવસે તા.૨૩-૧૧-૨૦૨૩ના રોજ શરૂ કરે, જેથી શ્રદ્ધાળુઓને પૂરતી સુવિધાઓ મળી રહે. તેમણે વધુવિગતો આપતા કહ્યુ કે, આ વર્ષે ભારે વરસાદના કારણે પરિક્રમાના રસ્તાઓ અને કેડીઓનું ભારે ધોવાણ થયું હતું. જે વન વિભાગ દ્વારા તેનું સુપેરે મારા મત કાર્ય કરવામાં આવ્યું છે. ગિરનાર અભયારણ્ય ક્ષેત્ર હોવાથી પરિક્રમા રૂટ પર મોબાઈલ નેટવર્ક ન હોય જેથી યાત્રાળુઓને સુવિધા ન થાય તે માટે વન વિભાગ સહિતનો સ્ટાફ વાયરલેસ વોકીટોકી સાથે તૈનાત જ રહેશે. જે યાત્રાળુઓની મુશ્કેલી નિવારવા માટે ખડેપગે રહેશે. ભાવિકોએ કોઈ પણ મદદ માટે ઉપસ્થિત કર્મચારી અધિકારીઓનો સંપર્ક કરવો. વન વિભાગે પ્રકૃતિના જતન સહિતના સંદેશ આપતા સાઈન બોર્ડ અને હોર્ડિંગસ લગાડવામાં આવ્યા છે. પરિક્રમામાં સહભાગી થનાર ભાવિકોની સંખ્યાની નળપાણી અને ગિરનાર સીડી ખાતેથી ગણતરી કરવામાં આવશે. ઉપરાંત વયોવૃદ્ધ અને જરૂરિયાતમંદ ભાવિકોને પરિક્રમા સરળતાથી કરી શકે તે માટે લાકડી આપવામાં આવશે.

# ગિરનાર લીલી પરિક્રમા દરમ્યાન ભાવિકોનું સ્વાસ્થ્ય જળવાઈ રહે તે માટે તંત્ર દ્વારા તકેદારી

## યાત્રાળુઓની મુશ્કેલીઓ નિવારવા કંટ્રોલ રૂમના નંબર જાહેર કરાયા

જૂનાગઢ, તા.૨૧

ગિરનાર લીલી પરિક્રમા દરમ્યાન ભાવિકોનું સ્વાસ્થ્ય જળવાઈ રહે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા યાત્રાળુઓને ખાદ્ય પદાર્થ ખરીદી વખતે રાખવાની તકેદારીઓ માટે જરૂરી સૂચનાઓ બહાર પાડવામાં આવી છે. આ સાથે ભાવિકોની મુશ્કેલીઓ નિવારવા માટે કંટ્રોલ રૂમના નંબર પણ જાહેર કરવામાં આવ્યા છે.

ગિરનાર લીલી પરિક્રમા તા.૨૩-૧૧૨૦૨૩ થી તા.૨૭-૧૧-૨૦૨૩ દરમ્યાન યોજાનાર છે. જેમાં મોટી સંખ્યામાં પરિક્રમા માટે શ્રદ્ધાળુઓ ઉમટી પડે છે, ત્યારે ખાસ કરીને ખાદ્ય પદાર્થની ખરીદી પહેલા તે ખાદ્ય પદાર્થની એક્સપાયરી છે કે નહીં ? તેની તકેદારી રાખવી. વધુમાં અવારનવાર ખાદ્ય તેલનો તળવામાં ઉપયોગ કરવામાં આવતો હોય તેવા ફરસાણ કે નમકીનની ખરીદી ન કરવી. તેમજ કોઈ પણ ખાદ્ય પદાર્થની ખરીદી સ્વચ્છ અને સારી જગ્યાએથી કરવી હિતાવહ છે. ઉપરાંત કોઈપણ ખાદ્ય વસ્તુની ખરીદી કરતી વેળાએ એમઆરપી કરતાં વધુ કિંમત ચૂકવવી નહીં. આમ, આ બાબતે યાત્રાળુઓને કોઈ મુશ્કેલી જણાય તો કંટ્રોલ રૂમના ટેલીફોન નં. ૦૨૮૫-૨૬૨૧૪૩૫, ૦૨૮૫-૨૬૨૨૦૧૧, ૦૨૮૫-૨૬૨૦૧૮૦ અને ૦૨૮૫-૨૬૨૨૧૪૦ ઉપર સંપર્ક કરવાનો રહેશે.

# ગિરનાર લીલી પરિક્રમાના રાત્રી મુકામના ૮ પડાવ ખાતે જનરેટર દ્વારા લાઈટની સુવિધા ઉભી કરાઈ

## પરિક્રમાનો રૂટ અભયારણ્ય વિસ્તારમાં હોવાથી ડીજી સેટ દ્વારા વીજળી પૂરી પડાશે : પરિક્રમા રૂટ અને ભવનાથ વિસ્તારમાં અવિરત વીજ પુરવઠો જળવાઈ રહે તે માટે પીજીવીસીએલની ટીમોને ફરજ સોંપાઈ

જૂનાગઢ, તા.૨૧

ગિરનાર લીલી પરિક્રમા માટે ઉમટી પડતા ભાવિકો માટે જિલ્લા વહીવટી તંત્ર, મહાનગરપાલિકા અને વન વિભાગ દ્વારા જરૂરી વ્યવસ્થાઓને આખરી ઓપ આપ્યો છે. જેમાં પરિક્રમર્થીઓ માટે લાઈટની સગવડતા માટે તંત્ર દ્વારા પુષ્પા તૈયારીઓ કરી દેવામાં આવી છે.

ગિરનાર લીલી પરિક્રમાના રોટ રાત્રે મુકામના ૮ પડાવ ખાતે જનરેટરના માધ્યમથી લાઈટની સુવિધા ઉભી કરવામાં આવી છે. મહત્વનું છે કે, પરિક્રમાનો રૂટ અભયારણ્ય વિસ્તારમાં હોવાથી ડીજી સેટ મારફત વીજળી પૂરી પાડવામાં આવશે. પરિક્રમા રૂટના બોરદેવી ત્રણ રસ્તા, નળ પાણીની જગ્યા માળવેલાની ઘોડી તરફ, જીણાબાવાની મઢીથી માળવેલા તરફ, ઈટવા ડંકી વાળો પોઈન્ટ-૧, મોળા પાણીના પુલ (નાળુ) પાસે, ડેરવાડ ત્રણ રસ્તા પાસે અને નળ પાણીની ઘોડીથી માળવેલા સાઈડ પગથીયા પુરા થાય પછી પગથિયા થી ૧ કિલોમીટર દૂર (પોર્ટેબલ જનરેટર - ૧) ડીજી સેટ મૂકવામાં આવશે.

મહાનગરપાલિકાની હદમાં મનપતંત્ર દ્વારા લાઈટ માટેની જરૂરી વ્યવસ્થા કરવામાં આવશે.



ભવનાથ પરિસરમાં વીજ સલામતી જળવાઈ રહે તે માટે પણ વીજતંત્ર જરૂરી ચકાસણી કરવામાં આવી છે. ઉપરાંત પરિક્રમા ના રુટ અને ભવનાથ પરિસરમાં વીજ પુરવઠો અવિરત પણે જળવાઈ રહે તે માટે પીજીવીસીએલની ટીમોને ફરજ સોપવામાં આવી છે.

કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાના નેતૃત્વ અને માર્ગદર્શનમાં તંત્ર દ્વારા પરિક્રમાર્થીઓ માટે જરૂરી વ્યવસ્થાઓ કરવામાં આવી છે.

# ખંભાળિયા બન્યું જલારામમય : જલારામ જયંતિની ભક્તિભાવપૂર્વક ભવ્ય ઉજવણી કરાઈ

(કુંજન રાડિયા દ્વારા)

જામ ખંભાળિયા તા.૨૧

સંત શિરોમણી પૂજ્ય જલારામ બાપાની ૨૨૪ મી જન્મ જયંતી નિમિત્તે ખંભાળિયામાં રવિવારે ભક્તિસભર માહોલ વચ્ચે અનેકવિધ કાર્યકરોમાં યોજવામાં આવ્યા હતા. જલારામ જયંતિની પૂર્વ સંધ્યાએ શનિવારે રાત્રે જલારામ મંદિર ખાતે આકર્ષક રોશની અને શણગાર વચ્ચે પૂજ્ય જલારામ બાપાની ઝાંખીના કાર્યક્રમમાં મોટી સંખ્યામાં જલારામ ભક્તો ઉમટી પડ્યા હતા. જલારામ જયંતિ નિમિત્તે ગઈકાલે અહીંના જલારામ બાપાના મંદિર પરિસર ખાતે કરવામાં આવેલી વિશાળ,



આકર્ષક રંગોળી તેમજ અન્નકૂટ દર્શનનો લાભ મોટી સંખ્યામાં જલારામ ભક્તોએ લીધો હતો. ગઈકાલે સવારથી જલારામ બાપાના મંદિરની ૧૦૮ પ્રદક્ષિણા કરી, અનેક ભક્તોએ પુણ્યનું ભાથું બાંધ્યું હતું. જલારામ મંદિરે નૂતન ધ્વજારોહણ, મહા આરતી તેમજ બપોરે પ્રસાદનો લાભ પણ મોટી સંખ્યામાં જલારામ ભક્તોએ લીધો હતો. દર વર્ષની જેમ આ વર્ષે પણ આજે બપોરે સારસ્વત બ્રાહ્મણ જ્ઞાતિના સમૂહ ભોજન (સારસ્વત માસ્તાન) બાદ સાંજે જલારામ બાપાની ભવ્ય શોભાયાત્રા યોજવામાં આવી હતી. અહીંના જલારામ મંદિર ખાતેથી આ શોભાયાત્રાનો પ્રારંભ થયો હતો. જે શહેરના વિવિધ રાજમાર્ગો પર ફરી અને બેઠક રોડ ઉપર આવેલી નવી લોહાણા મહાજન વાડી ખાતે સંપન્ન થઈ હતી. અબીલ ગુલાલની છોળો તેમજ ફટાકડાની આતશબાજી સાથે શોભાયાત્રાનું ઠેર ઠેર સ્વાગત કરવામાં આવ્યું હતું. અહીં ગત સાંજે રઘુવંશી જ્ઞાતિના બહેનો માટે તેમજ રાત્રે જ્ઞાતિના ભાઈઓ માટે સમૂહ પ્રસાદ (નાત)નું પણ સુવ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું હતું. આ તમામ આયોજન માટે લોહાણા મહાજનના વડપણ હેઠળ જ્ઞાતિની વિવિધ સેવાકીય સંસ્થાઓ તેમજ જ્ઞાતિના યુવાઓ, કાર્યકરો તેમજ જલારામ ભક્તોએ ખભેખભા મિલાવીને નોંધપાત્ર જહેમત ઉઠાવી હતી.

# શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજીને મુંબઈમાં બનેલો ૧ કિલો પ્યોર સોનાનો હીરાજડિત મુગટ અર્પણ કરાયો

(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર તા.૨૧

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત, શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી સાળંગપુરધામ આયોજિત, વડતાલ ગાદીનાં પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજનાં આશિષથી વિશ્વ વિખ્યાત સાળંગપુર હનુમાનજી મંદિરમાં શતામૃત મહોત્સવ અંતર્ગત શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજીની પ્રાણ-પ્રતિષ્ઠા થયાને ૧૭૫ વર્ષ પૂર્ણ થતાં ભવ્ય અને દિવ્ય શતામૃત મહોત્સવમાં શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજી દાદાને એક કિલોનો પ્યોર સોનાનો હીરાજડિત મુગટ તથા કુંડળ વડીલ સંતોના હસ્તે અર્પણ કરાયા છે. દાદાને આ મુગટ આજે સાંજે પહેરાવાશે. આ અંગે સાળંગપુર મંદિરના કોઠારી સ્વામીશ્રી વિવેકસાગરદાસજી (અથાણાવાળા) દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, ''હનુમાનજી મહારાજની મૂર્તિની સદગુરુ ગોપાળાનંદ સ્વામીએ સાળંગપુરમાં સ્થાપના કર્યાને ૧૭૫ વર્ષ થતાં શતામૃત મહોત્સવના સાક્ષીરૂપે હનુમાનજી મહારાજને ત્યાં વર્ષોથી પૂનમ ભરતા એક પરમ ભગવતીય શ્રીજી મહારાજના રામદૂત હનુમાન ભક્તના હૃદયમાં એવો ભાવ હતો કે, મારે દાદાને એક કિલો સોનું અર્પણ કરવું છે ત્યારે અમે અંતરની વાત અમે કરી કહ્યું કે દાદાનો પ્રસંગ છે. એમાં જો એકદમ અદભૂત સુવર્ણ મુગટ બનાવીને આપણે અર્પણ કરીએ તો હનુમાનજી મહારાજ શીર પર ધારણ કરશે અને દર પૂનમે તથા એકાદશીએ ધારણ કરશે. તેમણે તરત ભાવને સ્વીકાર્યો અને દાદાને પ્રેમને વશ થઈ અમારા હૃદયમાં જે કાંઈ ડિઝાઈનો સૂજી તે મુજબ કલાત્મક ડિઝાઈન બનાવી છે. આ મુગટમાં કલગી સાથે બે મોટા પોપટની આકૃતિ અંકિત કરાઈ છે. અમારો જેવો ભાવ હતો તેવો મુગટ બનાવ્યો છે. દાદા આ મુગટ ધારણ કરશે ત્યારે



હનુમાનજી મહારજ ખૂબ રાજીપો વ્યક્ત કરશે.'' મહત્ત્વનું છે કે, સવારે દાદાને વિશેષ વાઘાનો તેમજ સિંહાસનને રંગબેરંગીના ફૂલોથી શણગારવામાં આવેલ વડતાલ ગાદીનાં પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજ એવમ્ લાલજી મહારાજ દ્વારા આરતી-પૂજન-અર્ચન દાદાનું દિવ્ય ષોડશોપચાર પૂજન કરાયું હતું. તથા ભક્તોનું ઘોડાપુર દર્શનાર્થે ઉમટ્યું હતું. હજારો હરિભક્તોએ દર્શનનો લાભ પ્રત્યક્ષ તેમજ યુટ્યુબ ચેનલ દ્વારા ઓનલાઈન લીધેલ.

# શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજીને ફ્રુટનો મહા અન્નકૂટ ધરાયો

## સાળંગપુર હનુમાનજી સમક્ષ પહેલીવાર ૫૭ હજાર કિલો ફ્રુટનો અન્નકૂટ ધરાવાયો, તમામ ફ્રુટ બોટાદ અને ભાવનગરની હોસ્પિટલમાં વિતરણ કરાશે

(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર, તા.૨૧

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલ ધામ સંચાલિત, શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી સાળંગપુરધામ આયોજિત, વડતાલ ગાદીનાં પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજનાં આશિષથી વિશ્વ વિખ્યાત સાળંગપુર હનુમાનજી મંદિરમાં શતામૃત મહોત્સવ અંતર્ગત દાદાને વિશેષ વાઘાનો તેમજ સિંહાસનને ફૂલોથી શણગારવામાં આવ્યું હતું. સાળંગપુર ધામ શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજીની પ્રાણ-પ્રતિષ્ઠા થયાને ૧૭૫ વર્ષ પૂર્ણ થતાં ભવ્ય અને દિવ્ય શતામૃત મહોત્સવમાં શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજી દાદાને મહાઅન્નકૂટના મુખ્ય યજમાન શ્રી પાર્થ આશિષભાઈ ધકાણ -મુંબઈ, અન્નકૂટના સહયજમાન અ.નિ.મુમણભાઈ સોમાભાઈ ભરવાડ હ.જીગરભાઈ ભરવાડ અમદાવાદ દ્વારા ''કિંગ ઓફ



સાળંગપુર''ના પ્રાંગણમાં સવારે ધરાવાયો હતો તેમજ વડતાલ ગાદીનાં પ.પૂ.ધ.ધુ.૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજ તથા લાલજી મહારાજના અને વડીલ સંતો દ્વારા મહા અન્નકૂટની આરતી કરવામાં આવી હતી. આજે પહેલીવાર ૫૭ હજાર કિલો ફ્રુટનો અન્નકૂટ કિંગ ઓફ સાળંગપુર હનુમાનજીની મૂર્તિ સમક્ષ અર્પણ કરાયો હતો. મહત્ત્વનું છે કે, આ અન્નકૂટમાં દાદા સમક્ષ મૂકવામાં આવેલું તમામ ફ્રુટ બોટાદ જિલ્લા સહિત અમદાવાદ, ભાવનગર અને રાજકોટની ગર્વમેન્ટ હોસ્પિટલમાં મોકલવામાં આવ્યું છે.

આ અન્નકૂટ વિશે વિવેકસ્વામી (હૈદરાબાદ)એ જણાવ્યું કે, આજે ''કિંગ ઓફ સાળંગપુર''ની ૫૪ ફૂટ ઊંચી મૂર્તિ સમક્ષ પહેલીવાર ૫૭, ૦૦૦ કિલો અન્નકૂટ ધરાવાયો હતો. આ માટે કેન્યાની કેરી અને ઈમ્પોર્ટે ફ્રુડ સહિતના તમામ ફ્રુટનો અન્નકૂટ વ્યવસ્થિત ગોઠવવામાં આવ્યા હતાં. આ અન્નકૂટ ધરાવવા અને શણગારવા માટે ૯ સંતો અને ૨૦૦ સ્વયંસેવકોએ ૨૪ કલાક મહેનત કરી હતી. અન્નકૂટમાં દાદાને ધરાવાયેલું તમામ ફ્રુટ બોટાદ જિલ્લા સહિત અમદાવાદ, ભાવનગર અને રાજકોટની ગર્વમેન્ટ હોસ્પિટલમાં મોકલાશે. આ અન્નકૂટ માટે હૈદરાબાદ ગુરુકુળના વિવેક સ્વામી સહિતના સંતો અને સ્વયંસેવકોએ ૧૫ દિવસ પહેલાં આખી તૈયારી શરૂ કરી હતી.તેમજ ભક્તોનું ઘોડાપુર દર્શનાર્થે ઉમટ્યું હતું. હજારો હરિભકતોએ દર્શનનો લાભ પ્રત્યક્ષ તેમજ યુટ્યુબ ચેનલ દ્વારા ઓનલાઈન લીધેલ.

# ઉના રઘુવંશી સમાજ આયોજિત ૨૨૪મી જલારામ જયંતિ નિમિતે ડીજે તાલ બસાથે ભવ્ય શોભાયાત્રા નીકળેલ





(નિરવ ગઢીયા દ્વારા)

ઉના તા.૨૧

૨૨૪મી જલારામ જયંતિ નિમિતે ઉના શહેરમાં રઘુવંશી સમાજ રઘુવંશી યુવા ગ્રુપ આયોજિત જલારામ જયંતિ નિમિતે જલારામ વાડીએથી પાલખી નીકળેલ અને ટાવર ચોક તથા મુખ્ય બજારમાં શોભાયાત્રા નીકળેલ અને ટાવરે ધારાસભ્ય કે.સી. રાઠોડ, ઉના નગરપાલીકા પ્રમુખ પરેશ બાંભણિયા, કોળી સેના પ્રમુખ તથા ઉના નગરપાલિકા નગર સેવક અલ્પેશ બાંભણિયા તેમજ રસિક ચાવડા (કોળી સમાજ આગેવાન)એ જલારામ બાપાને હારતોરા પહેરાવી અને પાલખીની શોભાયાત્રા વધારેલ અને વિશ્વ હિન્દુ પરિષદ પ્રમુખ યશવંત બાંભણિયા તથા બજરંગ દળ પ્રમુખ પાર્થ રૂપારેલિયા પણ પાલખીમાં જોડાયેલ અને જલારામ જયંતિની શોભા વધારેલ હતી.



(રાકેશ સામાણી દ્વારા) દ્વારકા, તા.૨૧

ખંભાળિયા ખાતે નાયબ વન સંરક્ષકની ડીવીઝન ઓફિસનું ખાતમુહૂર્ત કરતા વન અને પર્યાવરણ મંત્રી મુળુભાઈ બેરા

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# સ્વસ્થ અર્થવ્યવસ્થા માટે કરચોરી પર લગામ જરૂરી

શેલ કંપનીઓ અને ટેક્સ હેવન શબ્દો ફરીથી ચર્ચામાં છે. ટેક્સ હેવન એક એવો દેશ કે ક્ષેત્ર હોય છે, જ્યાં નાણાં જમા કરાવનાર પાસેથી બહુ ઓછો કર વસૂલવામાં આવે છે. 'ટેક્સ ઓબ્ઝર્વેટરી'નો એક રિપોર્ટ દર્શાવે છેકે બહુરાષ્ટ્રીય કંપનીઓ ૨૦૨૦માં દુનિયાભરમાં કર રૂપે ૨૦૦ અબજ ડોલરની ચૂકવણી કરવાથી દૂર રહી આ તમામ પૈસા વિભિન્ન રીતોથી ચોરી લેવામાં આવ્યા. ઓછો કર ચૂકવવાની આ એવી રણનીતિ છે, જેનો ઉપયોગ એ કંપનીઓ કરે છે, જેમની કેટલાય દેશોમાં સહાયક કંપનીઓ છે. આ કંપનીઓ પોતાની કમાણી છૂપાવવા માટે એવા દેશોમાં નાણાં જમા કરે છે, જ્યાં તેમને મામૂલી કર ચૂકવવો પડે છે.

દુર્ભાગ્યે કેટલીય ભારતીય કંપનીઓ પણ દેશમાં યોગ્ય કર ચૂકવવાથી બચે છે. 'ગ્લોબલ ફાઈનાન્શિયલ ઈન્ટેગ્રિટી' રિપોર્ટ અનુસાર, કાળું નાણું પેદા કરવા મામલે ભારત દુનિયામાં આઠમા સ્થાન પર છે. 'બેંક ઓફ ઈટલી'ની ગણનાથી ખબર પડે છે કે વૈશ્વિક ટેક્સ હેવનમાં ભારતની હિસ્સેદારી ૧૦ લાખ કરોડ રૂપિયા છે.

ઓક્સફેમ ઈન્ટરનેશનલ 'સર્વાઈવલ ઓફ ધ રિચેસ્ટ' રિપોર્ટ અનુસાર, ૨૦૨૨ સુધી ભારતીય અબજપતિઓની સંખ્યા ૨૦૨૦માં ૧૦૨થી વધીને ૧૬૬ થઈ ગઈ છે. વર્ષ ૨૦૦૦માં ભારતમાં ઘોષિત રૂપે માત્ર નવ અબજપતિ હતા. ભારતમાં સૌથી અમીર એક ટકા પાસે હવે દેશની કુલ સંપત્તિના ૪૦ ટકાથી વધુ હિસ્સો છે. રિપોર્ટ અનુસાર, ૨૦૨૧-૨૨માં જીએસટીમાં ૧૪.૮૩ લાખ કરોડ રૂપિયાનો લગભગ ૬૪ ટકા હિસ્સો નીચેની ૫૦ ટકા આબાદીથી આવ્યો, જ્યારે શીર્ષ ૧૦ ટકાથી માત્ર ત્રણ ટકા જીએસટી આવ્યો. એક દાયકામાં અબજપતિઓની સંપત્તિ લગભગ ૧૦ ગણી વધી ગઈ છે. એક અન્ય પાસું પણ છે. આંતરરાષ્ટ્રીય મુદ્રા કોષ એટલે કે આઈએમએફના નવીનતમ પ્રત્યક્ષ વિદેશી ઈન્ડેક્સ ડેટાથી ખબર પડે છે કે લગભગ ૧૦ ટકા વિદેશી મૂડી ટેક્સ હેવન દ્વારા ભારતમાં આવી છે, જ્યારે સરકારનું અનુમાન છે કે તે ૩૨.૫ ટકા છે. એકંદરે, કર આશ્રય અથવા ટેક્સ હેવનની ચર્ચા એટલા માટે પણ વેગવાન બની છે, કારણ કે સાઈપ્રસ કોન્ફિડેન્શિયલની તપાસાં વૈશ્વિક અભિજાત્ય વર્ગ દ્વારા ટેક્સ હેવન રૂપે સાઈપ્રસમાં સ્થાપિત કંપનીઓનો ખુલાસો કરવામાં આવ્યો છે. સાઈપ્રસ રોકાણ કાર્યક્રમ કે ગોલ્ડન પાસપોર્ટ યોજના ૨૦૦૭માં શરૂ કરવામાં આવી હતી. હવે એ પણ ખુલાસો થઈ ગયો છે કે આ યોજના અંતર્ગત કયા અમીર ભારતીયોને લાભ થયો. કુલ ૬૬ અમીર ભારતીયોને ગોલ્ડન પાસપોર્ટ સાથે સાઈપ્રસની નાગરિકતા મળી છે. તેમાંથી કેટલાંક નામ હિંડનબર્ગ રિપોર્ટમાં પણ ખૂલ્યાં હતાં. દુનિયામાં ટોચના ટેક્સ હેવન દેશો મુખ્ય રૂપે બરમૂડા, નેધરલેન્ડ, સિંગાપોર અને સ્વિટ્ઝરલેન્ડ છે. સ્વિટ્ઝરલેન્ડની કુખ્યાત બેંકિંગ પ્રણાલી કે લક્ઝમબર્ગનો ધન પ્રબંધન ઉદ્યોગ વૈશ્વિક ધનની સૌથી કાનૂની લૂંટમાં સમાન રૂપે સામેલ છે. 'સિટીઝન ફોર ટેક્સ જસ્ટિસ'ના એક રિપોર્ટમાં કહેવાયું હતું કે ફોર્ચ્યુન-૫૦૦માંથી ૩૭૦થી વધુ કંપનીઓ ટેક્સ હેવન દેશોમાં સહાયક કંપનીઓ સંચાલિત કરે છે.

ચિંતાની વાત છે કે દુનિયાના સૌથી મોટા બહુરાષ્ટ્રીય વ્યવસાયોએ ૨૦૧૯માં અન્ય દેશોમાં કમાયેલા નફાના ૩૭ ટકા ટેક્સ હેવન દેશોમાં મોકલી દીધો છે, જે ૨૦૧૨માં લગભગ ૨૦ ટકા હતો. એવું લાગે છે કે ટેક્સ હેવન દુનિયાના અમીર અને શક્તિશાળી લોકોની જ પરિયોજના કે યોજનાનો હિસ્સો છે. ટેક્સ હેવન એટલા શક્તિશાળી છે કે તેમને કંઈ થઈ શકે તેમ નથી. તેમના વિશે સીબીઆઈ, આઈટીડી અને ઈડી ઉપરાંત સેબી અને આરબીઆઈ જેવી નિયામક સંસ્થાઓને પણ ખબર છે, પરંતુ કોઈ ઠોસ અસર નથી દેખાતી. આ સમસ્યાના સમાધાન માટે ભારતે ૨૦૧૬-૧૭માં મોરેશિયસ, સાઈપ્રસ અને સિંગાપોર સાથે સંધિ પર ફરીથી કામ તો કર્યું છે, પરંતુ તે હજુ અધૂરું છે. દેશના તેજ વિકાસ માટે કર સુધાર સાથે કર વસૂલીમાં પણ સુધારની બહુ જરૂર છે. સરકાર પ્રયાસ કરી રહી છે અને ૨૦૧૯ બાદથી ત્રણ વર્ષોમાં ૧,૧૨,૫૦૯ શેલ કંપનીઓ બંધ કરી દેવાઈ છે. વૈશ્વિક સ્તર પર પણ કરચોરી વિરોધી પહેલ, ઓઈસીડી-જી ૨૦ને ચુસ્ત કરવી પડશે. સ્વસ્થ અર્થવ્યવસ્થા માટે કરચોરી પર લગામ લગાવવી અનિવાર્ય છે.

### "વિકસિત ભારત સંકલ્પ યાત્રા" નું સુચારૂ આયોજન માટે

# કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓની મહત્તમ માહિતી છેવાડાના ગામડાઓ સુધી પહોંચાડી અધિકત્તમ લાભો અપાવવા રાજકોટ કલેક્ટરશ્રીની સુચના

(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ તા.૨૧

સંસદસભ્યશ્રી રામભાઈ મોકરીયા તથા ધારાસભ્યો ડો. મહેન્દ્ર પાડલીયા, શ્રી દર્શિતાબેન શાહ અને શ્રી રમેશ ટીલાળાની ઉપસ્થિતિમાં અને જિલ્લા કલેકટરશ્રી પ્રભવ જોશીની અધ્યક્ષતામાં રાજકોટ જિલ્લાની ફરિયાદ સહ સંકલન સમિતિની બેઠક યોજાઈ હતી.

બેઠકના પ્રારંભે નિવાસી અધિક કલેક્ટર શ્રી એસ. જે. ખાચરે બેઠકમાં ઉપસ્થિત સૌ સભ્યોને આવકાર્યા હતા. જિલ્લા વિકાસ અધિકારી શ્રી દેવ ચૌધરીએ આગામી ૨૨ નવેમ્બરથી રાજકોટ જિલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં યોજાનારી "વિકસિત ભારત સંકલ્પ યાત્રા"નું સુચારૂ આયોજન કરવા અને કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓની માહિતી છેવાડાના ગામડાઓ સુધી પહોંચાડવા પર ભાર મુક્યો હતો. મહાનગરપાલિકા વિસ્તારમાં પણ આ યાત્રા અન્વયે રાજ્ય સરકારની વિવિધ યોજનાઓના લાભો સંબંધિતોને પહોંચાડવા અંગે આ બેઠકમાં ચર્ચા કરાઈ હતી.

ધારાસભ્ય શ્રી દર્શિતાબેન શાહે રૂડા વિસ્તારના માર્ગો, રાજકોટ-અમદાવાદ હાઈવે, એઈમ્સ હોસ્પિટલ ખાતે બસ સ્ટેન્ડ, શહેરની વિવિધ સરકારી હોસ્પિટલ્સની વિવિધ કામગીરી વગેરે અંગે રજૂ કરેલા પ્રશ્નોનો સત્વરે ઉકેલ લાવવા કલેકટરશ્રીએ ઉપસ્થિતોને સુચના આપી હતી.

ધારાસભ્ય ડો. પાડલીયાએ ધોરાજી તથા ઉપલેટા નગરપાલિકા વિસ્તારમાં સિંચાઈનુ પાણી તાત્કાલિક છોડવા, ઉપલેટા નગરપાલિકા હસ્તકની એનિમલ હોસ્ટેલ, ગટરના પાણીના યોગ્ય નિકાલ તથા ભીમોરાના ચેકડેમનું સત્વરે સમારકામ કરવા અંગે રજૂઆત કરી હતી, જેનું નિયત સમય મર્યાદામાં નિરાકરણ લાવવા કલેક્ટરશ્રીએ સંબંધિત સરકારી વિભાગોના અધિકારીઓને સૂચના આપી હતી. ધારાસભ્યશ્રી રમેશભાઈ ટીલાળાએ રાજકોટ ખાતે સ્થપાનારા ટેકનિકલ સેન્ટર માટે ૩૦ એકર જમીન ફાળવવા બદલ કલેકટરશ્રી પ્રભવ જોશીની સરાહના કરી હતી. અને ઉમેર્યું હતું કે સૌરાષ્ટ્રના વિકાસ માટે આ સેન્ટર સીમાચિન્હરૂપ સાબિત થશે. કલેકટર કચેરી ખાતે યોજાયેલી આ બેઠકમાં મતદાર યાદી સંક્ષિપ્ત સુધારણાના કેમ્પ શહેરી વિસ્તારોમાં યોજવા અંગે, શ્રમિક અન્નપૂર્ણા યોજનાના નવા કેન્દ્રો શરૂ કરવા અંગે, ગંભીર રોગો અંગેના નિઃશુલ્ક નિદાન અને સારવાર કેમ્પ યોજવા અંગે પણ આ બેઠકમાં સમીક્ષા કરવામાં આવી હતી.

આ બેઠકમાં રાજકોટ જિલ્લા ગ્રામ્ય પોલીસ અધિક્ષક શ્રી જયપાલસિંહ રાઠોડ,પ્રાંત અધિકારીઓ સર્વ શ્રી કે. જી. ચૌધરી, શ્રી જે.એન. લીખીયા, શ્રી રાજેશ આલ, શ્રી સંદીપ વર્મા, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીના નિયામક શ્રી આર.એસ ઠુંમર, ડી. સી. પી. શ્રી ભાર્ગવ પંડ્યા,નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી મહેશ નાકિયા, પંડિત દીનદયાલ ઉપાધ્યાય હોસ્પિટલના ડીન ડો. આર. એસ. ત્રિવેદી, મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડો. એન. એમ. રાઠોડ, એક્ઝિક્યુટિવ એન્જિનીયરશ્રી કે.એન.ઝાલા, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના જનરલ મેનેજર શ્રી કે. વી. મોરી, પ્રાદેશિક વાહન વ્યવહાર અધિકારી શ્રી કેતન ખપેડ, મહિલા અને બાળ વિકાસ અધિકારશ્રી અવનીબેન દવે, જિલ્લા પુરવઠા અધિકારીશ્રી રાજેશ્રીબેન વંગવાણી, અનુસૂચિત જાતિ વિભાગના નાયબ નિયામકશ્રી આનંદબા ખાચર તથા સમિતિના અન્ય સભ્યો ઉપસ્થિત રહ્યા હતા..

**''વિકસિત ભારત સંકલ્પ યાત્રા''**

રાજકોટ જિલ્લામાં તા.૨૨-૧૧-૨૩થી ૨૦-૧-૨૪ સુધી પાંચ રથ ૫૯૪ ગામોમાં ફરશે

કેન્દ્ર અને રાજ્ય સરકારશ્રીની વિવિધ સુવિકસિત ૧૭ યોજનાઓના લાભો અપાશે

રાજકોટ

ભારત સરકાર દ્વારા પ્રજા કલ્યાણકારી યોજનાઓનો વ્યાપ તમામ લાભાર્થીઓ અને નાગરિકો સુધી પહોંચાડવા અને યોજનાઓની જાગૃતિ ફેલાવવા રાજયના તમામ જિલ્લાઓમાં ''વિકસિત ભારત સંકલ્પ યાત્રા" યોજાશે. આ યાત્રાના રથમાં સરકારશ્રીના છેલ્લા દસ વર્ષના વિકાસ કામો અંગે જાણકારી અપાશે.

રાજકોટ જિલ્લા વિકાસ અધિકારીશ્રી દેવ ચૌધરીના જણાવ્યા મુજબ રાજકોટ જિલ્લામાં તા.૨૨.૧૧.૨૩થી ૨૦.૧.૨૪ સુધી ''વિકસિત ભારત સંકલ્પ યાત્રા''ના પાંચ રથ ૫૯૪ ગામોમાં ફરશે. આ તમામ ગામોમાં લોકોને કેન્દ્ર અને રાજય સરકારશ્રીની વિવિધ ૧૭ યોજનાઓના લાભો અપાશે. તેમજ વિવિધ યોજનાઓના લાભાર્થીઓને લાભોનું વિતરણ મહાનુભાવો-અધિકારીઓના હસ્તે કરાશે. જે અંતર્ગત રાજકોટ જિલ્લામાં સ્થાનિક કક્ષાએ સમિતિની રચના થઈ ચૂકી છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ભારત સરકાર તથા મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજય સરકારની વિવિધ યોજનાઓના પાત્રતા ધરાવતા નબળા વર્ગના લાભાર્થીઓને આ યોજનાઓનો લાભ મળી રહે તે માટે સરકાર સતત કાર્યરત છે. આ યાત્રામાં શહેરી વિસ્તાર માટે સરકારની કુલ ૧૭ યોજનાઓનો સમાવેશ થાય છે. જેમાં પી.એમ. સ્વનિધિ, પી.એમ. વિશ્વકર્મા, પી.એમ. ઉજ્જવલા, પી.એમ. મુદ્રાલોન, સ્ટાર્ટઅપ ઈન્ડિયા – સ્ટેન્ડઅપ ઈન્ડિયા, આયુષ્માન ભારત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના, પી.એમ. આવાસ યોજના(અર્બન), પી.એમ. ઈ.બસ સેવા, અટલ મિશન ફોર રેજુવેશન એન્ડ અર્બન ટ્રાન્સફોર્મેશન(અમૃત), પી.એમ. ભારતીય જન ઔષધીય પરિયોજના, ઉજાલા યોજના, સૌભાગ્ય યોજના, ડિજિટલ પેમેન્ટ ઈન્ફાસ્ટ્રકચર, ખેલો ઈન્ડિયા, આર.સી.એસઃઉડાન, વંદે ભારત ટ્રેન અને અમૃત ભારત સ્ટેશન યોજનાનો સમાવેશ થાય છે.

''વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથ-૧" ૧૨૦ ગામોમાં ફરશે. જેમાં રાજકોટ તાલુકામાં તા.૨૨.૧૧.૨૩થી તા.૬.૧.૨૪ તથા કોટડાસાંગાણી તાલુકામાં તા.૬.૧.૨૪થી તા.૨૦.૧.૨૪ સુધી ૧૨૦ ગામોમાં ફરશે.

''વિકસિત ભારત સંકલ્પ યાત્રા રથ-૨" ૧૧૫ ગામોમાં ફરશે. પડધરી તાલુકામાં તા.૨૨.૧૧.૨૩ થી તા.૨૧.૧૨.૨૩ સુધી ૬૦ ગામોમાં ફરશે. લોધિકા તાલુકામાં તા.૨૨.૧૨.૨૩ થી ૯.૧.૨૪ સુધી ૩૬ ગામોમાં ફરશે. કોટડા સાંગાણી તાલુકામાં તા. ૯.૧.૨૪ થી તા.૧૫.૧૨૪ સુધી ફરશે. ગોંડલ તાલુકામાં તા.૧૬.૧.૨૪થી ૧૮.૧.૨૪ સુધી ફરશે.

### અમદાવાદમાં વિશ્વકપ અને અદાણીને બખ્ખાં

# એરપોર્ટનો નવો રેકોર્ડ, એક જ દિવસમાં ૪૦,૮૦૧ મુસાફરોને સેવા આપી

અમદાવાદ,તા.૨૧

ક્રિકેટ વર્લ્ડકપ-૨૩ ફાઈનલના દિવસે સરદાર વલ્લભભાઈ પટેલ ઈન્ટરનેશનલ એરપોર્ટ અમદાવાદે (SVPIA) ૪૦,૮૦૧ મુસાફરોને સેવા આપી નવો રેકોર્ડ બનાવ્યો છે. માઈક્રો પ્લાનીંગ અને આગોતરી સુસજ્જતા સાથે એરપોર્ટે ૧૯ નવેમ્બર ૨૦૨૩ ના રોજ અત્યાર સુધીની સૌથી વધુ ફ્લાઈટ મૂવમેન્ટ સંભાળવામાં પણ વિક્રમ સર્જયો છે.

એરપોર્ટે સફળ કામગીરી થકી ૨૬૦થી વધુ શિડ્યુલ્ડ અને ૯૯ નોન-શિડ્યુલ્ડ એમ કુલ ૩૫૯ એર ટ્રાફિક મૂવમેન્ટ્સ (ATM)નો રેકોર્ડ સર્જ્યો છે. SVPI એરપોર્ટ પરથી મુસાફરી કરનારા ૪૦,૮૦૧ મુસાફરોમાં ૩૩૬૪૨ સ્થાનિક અને ૭૧૫૯ આંતરરાષ્ટ્રીય મુસાફરોનો સમાવેશ થાય છે.

ભારતીય વાયુસેનાના એર શોને કારણે ૪૫ મિનિટથી વધુ એરસ્પેસ બંધ રાખવામાં આવ્યા બાદ ૨૩ કલાકમાં આ માઈલસ્ટોન હાંસલ કરવામાં આવ્યો છે. સર્વાધિક મુસાફરોની અવરજવર સાથે, અમદાવાદ એરપોર્ટે બે VVIP મહેમાનોના સ્વાગત સાથે તેમની ફ્લાઈટની અવરજવરનું સંકલન સુનિશ્ચિત કર્યું હતું. આ અસાધારણ સિદ્ધિ SVPI એરપોર્ટના સુવિકસિત ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને અવિરત સુધારાઓનું પરિણામ છે. AAI, CISF, ઈમિગ્રેશન, કસ્ટમ્સ, એરલાઈન પાર્ટનર્સ અને SVPIA ટીમ સહિત એરપોર્ટ સ્ટાફના સમર્પણ અને મહેનતના કારણે આ શક્ય બન્યું છે. મુસાફરોના શ્રેષ્ઠ અનુભવ માટે અમદાવાદ એરપોર્ટમાં વિગત વર્ષોમાં નોંધપાત્ર ફેરફારો થયા છે. સેલ્ફ-બેગેજ ડ્રોપ, નવો ઈમિગ્રેશન એરિયા, ડોમેસ્ટિક ટર્મિનલમાં અરાઈવલ એક્સટેન્શન, ડોમેસ્ટિક ટર્મિનલમાં નવો સિક્યોરિટી ચેક એરિયા, ડાયનેમિક ક્યુ મેનેજમેન્ટ અને ફ્લોર-વૉકિંગ કસ્ટમર સર્વિસ એક્ઝિક્યુટિવ્સ જેવી સુવિધાઓથી મુસાફરોને ટર્મિનલ બિલ્ડિંગમાંથી સરળતાથી પસાર થવામાં મદદ મળે છે. તાજેતરમાં જ ટર્મિનલ ગેટમાં ઝડપી પ્રવેશ માટે નવા ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સાથે ડિજી યાત્રાની શરૂઆત કરવામાં આવી છે. જેમાં વધારાના બેલ્ટ સાથેનો અરાઈવલ હોલ, અપગ્રેડ ચેક-ઈન સિસ્ટમ, પ્રી-SHA એરિયામાં વધારો, એક્સ-રે મશીનો વગેરેનો સમાવેશ થાય છે. અગાઉ ૧૮મી નવેમ્બરે SVPI એરપોર્ટ પર ૨જી સૌથી વધુ પેસેન્જર મૂવમેન્ટ જોવા મળી હતી.

જ્યારે એરપોર્ટે ૨૭૩ ફ્લાઈટ મૂવમેન્ટ સાથે ૩૮૭૨૩ મુસાફરોને સેવા પૂરી પાડી હતી. તો ૧૯મી ફેબ્રુઆરીના રોજ ૨૬૮ છ્સ સાથે ૩૭,૭૯૩ પેસેન્જર સાથે ત્રીજીં સૌથી વધુ પેસેન્જર મુવમેન્ટ જોવા મળી હતી.

# વિશ્વકપ ફાઈનલમાં ભારતની હારથી નિરાશ પ્રશંસકે કરી લીધી આત્મહત્યા

બાંકુડા, તા.૨૧

ક્રિકેટ વિશ્વકપમાં ભારતની હારથી નિરાશ એક યુવક દ્વારા આપઘાત કરવાનો મામલો સામે આવ્યો છે. યુવકની ઉંમર માત્ર ૨૩ વર્ષ હતી.

યુવકની ઓળખ રાહુલ લોહારના રૂપમાં થઈ છે અને તે કટ્ટર ક્રિકેટ પ્રશંસક હતો. પ્રાપ્ત જાણકારી અનુસાર રાહુલ ક્રિકેટ વિશ્વકપમાં ભારતની હાર સ્વીકારી શક્યો નહીં અને તેણે ડિપ્રેશનમાં આવી ઘરમાં આપઘાત કરી લીધો. તેના પરિવારનો દાવો છે કે રાહુલે ભારતની હારને કારણે આત્મહત્યા કરી છે.

ઉલ્લેખનીય છે કે ઓસ્ટ્રેલિયાએ ભારતીય ટીમને વનડે વિશ્વકપ ૨૦૨૩ના વિશ્વકપમાં ૬ વિકેટથી પરાજય આપ્યો હતો. ઓસ્ટ્રેલિયાએ રમતના ત્રણેય ડિપાર્ટમેન્ટમાં શાનદાર પ્રદર્શન કર્યું હતું. ઓસ્ટ્રેલિયા માટે ટ્રેવિસ હેડે સદી ફટકારતા ૧૩૭ રન બનાવ્યા હતા. આ કારણે કાંગારૂ ટીમ છઠ્ઠીવાર આઈસીસી ટ્રોફી જીતવામાં સફળ રહી હતી.

અમદાવાદમાં રમાયેલી ફાઈનલમાં ઓસ્ટ્રેલિયાના કેપ્ટન પેટ કમિન્સે ટોસ જીતી પ્રથમ બોલિંગ કરવાનો નિર્ણય લીધો હતો. શરૂઆતમાં ભારતીય ટીમે ૧૦ ઓવરમાં ૮૦ રન બનાવી લીધા હતા, પરંતુ રોહિત શર્મા આઉટ થયા બાદ ભારતીય બેટરો દબાવમાં આવી ગયા હતા. ભારતીય ટીમે નિયમિત અંતરે વિકેટ ગુમાવી અને ટીમ ૨૪૦ રન બનાવી ઓલઆઉટ થઈ ગઈ હતી.

ભારત માટે રોહિતે ૪૭, વિરાટ કોહલીએ ૫૪ અને કેએલ રાહુલે ૬૬ રન ફટકાર્યા હતા. જ્યારે ઓસ્ટ્રેલિયા તરફથી સ્ટાર્કે ત્રણ, કમિન્સ અને હેઝલવુડે બે-બે વિકેટ ઝડપી હતી. જ્યારે બેટિંગમાં લાબુશેને અડધી સદી અને ટ્રેવિસ હેડે સદી ફટકારી હતી. બંનેએ ચોથી વિકેટ માટે ૧૯૨ રનની ભાગીદારી કરી હતી.

# કચ્છમાં ફરી એકવાર બાબા ધીરેન્દ્ર શાસ્ત્રીનો દિવ્ય દરબાર યોજાશે

કચ્છ,તા.૨૧

બાગેશ્વર ધામના બાબા બાગેશ્વરનો ફરી એકવાર ગુજરાતમાં દિવ્ય દરબાર ભરાશે, સમાચાર છે કે, આ વખતે બાબા ધિરેન્દ્ર શાસ્ત્રીનો દિવ્ય દરબાર કચ્છમાં આગામી સમયમાં ભરાશે. મળતી માહિતી પ્રમાણે, બાબા બાગેશ્વર ધામના આચાર્ય ધિરેન્દ્ર શાસ્ત્રીનો દિવ્ય દરબાર આગામી ૨૬ થી ૩૦ તારીખ સુધીમાં યોજાશે.

કચ્છ જિલ્લામાં ફરી એકવાર છતરપુર વાળા બાબા ધીરેન્દ્ર શાસ્ત્રીનો દિવ્ય દરબાર યોજાવવાનો છે. આગામી સમયમાં બાબા બાગેશ્વરધામ ધીરેન્દ્ર શાસ્ત્રીનું પૂર્વ કચ્છ ગાંધીધામમાં આગામન થશે, જ્યાં તેઓ ૨૬ થી ૩૦ તારીખ સુધી ભકતો સાથે પોતાનો દિવ્ય દરબાર યોજશે. ખાસ વાત છે કે આ દરમિયાન બાગેશ્વર ધામની હનુમંત કથા માટે ધ્વજારોહણ અને બાઈક રેલી યોજવામાં આવી હતી, અને સાથે સાથે મંડપ મુહુર્ત અને ધ્વજારોહણ આગેવાનોના હસ્તે કરવામાં આવ્યું હતુ. ધીરેન્દ્ર શાસ્ત્રીના ગાંધીધામના આ દિવ્ય દરબારને લઈને ફૂલ પ્રૂફ તૈયારીઓ કરવામાં આવી છે, ગાંધીધામના આ દિવ્ય દરબારમાં રોજ ૩૦ થી ૪૦ હજાર લોકો આવશે અને જેના માટેની ખાસ વ્યવસ્થા કરવામાં આવી છે.

# સરકારી પરીક્ષામાં કોઈપણ પ્રકારની ગેરરીતિ કે ચુક ચલાવી લેવામાં આવશે નહીં : હાઈકોર્ટ

અમદાવાદ, તા.૨૧

રાજ્યમાં વિવિધ સરકારી પરીક્ષાઓમાં થતી ગેરરીતિ અને ચુકને લઈ હાઈકોર્ટે નારાજગી વ્યક્ત કરી છે. તેમજ ગેરરીતિના આરોપીઓને જામીન આપવા બાબતે અન્ય કેટલીક ટકોર પણ કરી છે. સરકારી પરીક્ષાઓમાં ગેરરીતિ મામલે હાઈકોર્ટે નારાજગી વ્યક્ત કરતા કહ્યું હતું કે, સરકારી પરીક્ષાઓમાં કોઈપણ પ્રકારની ચૂક ચાલાવી લેવાય નહી લાખો યુવાનો દિવસ-રાત એક કરીને પરીક્ષાની તૈયારી કરતા હોય છે કેટલાક અસામાજીક તત્વોને કારણે હજારો યુવાનોને હેરાનગતિનો સામનો કરવો પડે છે. ૨૦૧૪માં લેવાયેલ કલાર્કની પરીક્ષામાં થયેલી ગેરરીતિ મુદ્દે ચાલી રહેલા કેસ મામલે હાઈકોર્ટની આકરી ટકોર સામે આવી છે. કેસમાં સંડોવાયેલા અને ૮ વર્ષથી ફરાર આરોપીના આગોતરા જામીન સમયે કોર્ટે ટકોર કરી છે. સુનાવણી અંતે સંબધિત કેસમાં કોર્ટે આરોપીનો જામીન આપવાથી ઈન્કાર કર્યો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, જયારે કોઈ વિદ્યાર્થી કે વ્યકિત સ્પર્ધાત્મક પરીક્ષા આપે ત્યારે તે કંઈ કેટલાય સપના જોઈ લેતો હોય છે. સારી સારી સરકારી નોકરીઓની કલ્પના કરી લેતો હોય છે પરંતુ એ જ સપના ત્યારે ચકનાચૂર થાય જયારે ષડયંત્રકારોની ચાલાકીના લીધે પેપર ફૂટી જાય અને પરીક્ષા રદ થઈ જાય છે. પછી તો સ્વભાવિક છે કે ફરી પરીક્ષા લેવાય એમાં પછી કોઈ કારણોસર ભરતી પ્રક્રિયા અટકે અને એવી અનેક સરકારી વાતોની વચ્ચે કોઈ ઉજજવળ ભવિષ્યનો ઉદય થતા પહેલા જ અસ્ત થઈ જાય છે. અત્રે ઉલ્લેખનીય છે કે રાજયમાં અગાઉ એક પણ એક સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પેપર ફૂટવા સહિત ગેરરીતિના બનાવો બનતા ભારે હોબાળો થઈ રહ્યો હતો. આ મામલો હાઈકોર્ટ સમક્ષ જતાં હાઈકોર્ટે આકરૂ વલણ અપનાવતા નિર્દેશો જારી કર્યા છે.

### વર્લ્ડ કપ વિનર ટીમના કેપ્ટન રિવરફ્રન્ટ પર પહોંચ્યા

# ક્રુઝ પર ઓસ્ટ્રેલિયન ટીમના કેપ્ટનનું ટ્રોફી સાથે ફોટોશૂટ

### પેટ કમિન્સે સાબરમતી રિવરફ્રુઝ પર એક કલાક જેટલો સમય વિતાવ્યો : ક્રુઝ જોઈને તેમને સિડનીની યાદ આવી

અમદાવાદ, તા.૨૧

ઓસ્ટ્રેલિયાએ વર્લ્ડ કપ ૨૦૨૩નો ખિતાબ જીતી લીધો છે. ફાઈનલમાં કાંગારૂ ટીમે ભારતને ૬ વિકેટે હરાવ્યું હતું. ટ્રેવિસ હેડે ઝડપી સદી ફટકારી હતી. અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં રમાયેલી ફાઈનલમાં ભારતીય ટીમ પ્રથમ રમતા ૨૪૦ રન જ બનાવી શકી હતી. વિરાટ કોહલી અને કેએલ રાહુલે અડધી સદી ફટકારી હતી. જ્યાં ઈન્ડિયન ટીમ જીતના જશ્નના ખ્વાબ જોઈ રહી હતી, ત્યાં હાલ ઓસ્ટ્રેલિયાની ટીમ અમદાવાદમાં જશ્નનો સ્વાદ માણી રહી છે.

આયોજન મુજબ, વર્લ્ડ કપ વિનર ટીમના કેપ્ટન સાબરમતી રિવરફ્રન્ટ પર પહોંચ્યા હતા. ઓસ્ટ્રેલિયાના કેપ્ટન પેટ કમિન્સ સાબરમતી ક્રુઝ પર ટ્રોફી સાથે ફોટોસેશન કર્યુ હતું.

ઓસ્ટ્રેલિયાની ક્રિકેટ ટીમના કેપ્ટન ઈનામી ટ્રોફી લઈને રિવરફ્રન્ટ પહોંચ્યા હતા. રિવરફ્રન્ટ ખાતે ક્રૂઝ પર ફોટો શૂટ કરાવ્યું હતું. આ કારણે મુલાકાતીઓ માટે અટલ બ્રિજ અને લોઅર પ્રોમિનાડ બંધ રખાયો હતો. રિવર ક્રુઝ પર લગભગ એક કલાક સુધી તેમનું ફોટોસેશન ચાલ્યું હતું. જેનો વીડિયો સામે આવ્યો છે. ઓસ્ટ્રેલિયન કેપ્ટન પેટ કમિન્સને ક્રુઝ જોઈને સિડનીની યાદ આવી ગઈ હતી.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

પ્રભુનું નામ લેશે તે મૂક્ત થઈ જશે.

- બાઈબલ

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૮૦, શા. શાકે. ૧૯૪૫, પા.તીર-૧૩૯૩, મુ. જમા-ઉલ્લ-અવ્વલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૫૦, કચ્છી સં. ૨૦૮૦, કારતક સુદ-૯ શ્રી હરિ જયંતિ, કુષ્માંડ નવમી, અક્ષય નોમ, શ્રી રંગ અવધુત જયંતિ (નારેશ્વર), પંચક તા.૨૧ નવેમ્બર ૨૦૨૩, મંગળવાર, પારસી તા.૮, મુસ્લિમ તા.૭, શત્તતારકા નક્ષત્ર, વ્યાઘાત યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૭:૦૯, સૂ.અ.૬:૦૪
આજનો દિવસ અશુભ છે.
આજે જન્મેલા બાળકની રાશી કુંભ (ગ શ સ ષ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષઃ આરોગ્ય અંગે સાવચેત રહેવું. મનમાં અશાંતિ રહે.
વૃષભઃદરેક કાર્ય વિલંબથી પૂર્ણ થાય. કાર્યભારમાં વધારો થાય.
મિથુનઃમળેલી તકને ઝડપી લેવી, નવિન પ્રગતિ થાય.
કર્કઃ વ્યવસાયિક કાર્યોમાં આકસ્મીક લાભ થાય. મન પ્રસન્ન રહે.
સિંહઃ ભાગીદારીથી લાભ થાય.ધારેલા કાર્યો પૂર્ણ થાય.
કન્યાઃ નવિન આવકના દ્વાર ખુલે. મનની બેચેની દૂર થાય.
તુલાઃ વ્યર્થ ચિંતાના ભોગ બનવું પડે. આકસ્મીક યાત્રાના યોગ છે.
વૃશ્ચિકઃઅગત્યના કાર્યમાં રૂકાવટ આવે. ખર્ચ ઉપર કાબુ રાખવો.
ધનઃ વાણી સંયમ જાળવવો. સરકારી કાર્યમાં રૂકાવટ આવે.
મકરઃ મનની મનોકામના પૂર્ણ થાય. ધીરજના ફળ મીઠા મળે.
કુંભઃ સાહસિક કાર્યોમાં સફળતા મળે. સરકારી કાર્યોમાં સફળતા.
મીનઃ મિત્ર વર્ગ સાથે મતભેદ રહે. અચાનક ધન લાભ થાય.

# ૨૦૫૦ સુધીમાં ગરમીથી સંબંધિત મૃત્યુમાં ૫ ગણો વધારો થશે : લેન્સેટ રિપોર્ટ



નવી દિલ્હી તા.૨૧

લેન્સેટ કાઉન્ટડાઉન ઓન હેલ્થ એન્ડ ક્લાઈમેટ ચેન્જના અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે જો વર્તમાન તાપમાનના આવા વલણો ચાલુ રહેશે અને તેના અનુકૂલન ઉપર કોઈ નોંધપાત્ર પ્રગતિ નહીં થાય તો સદીના મધ્ય સુધીમાં વાર્ષિક ગરમી સંબંધિત મૃત્યુની વર્તમાન સંખ્યામાં લગભગ પાંચ ગણો વધારો થવાની સંભાવના છે. માત્ર હીટવેવ્સને કારણે ૨૦૪૧-૬૦ સુધીમાં ૫૨૪.૯ મિલિયન વધારાના લોકોને મધ્યમ-થી-ગંભીર ખાદ્ય અસુરક્ષાનો અનુભવ થઈ શકે છે, જે કુપોષણના વૈશ્વિક જોખમને વધારે છે. આ અહેવાલ સદીના મધ્ય સુધીમાં જીવલેણ ચેપી રોગોના વધતા પ્રસારને પણ દર્શાવે છે અને ડેન્ગ્યુના પ્રસારણની સંભાવના ૩૬-૩૭ ટકાનો વધારો દર્શાવે છે. કોલેરા જેવા ખોરાકથી થતા રોગો માટે વિબ્રિઓ પેથોજેન્સ જવાબદાર છે. બ્રિટિશ જર્નલની વેબસાઈટ અનુસાર, હેલ્થ એન્ડ ક્લાઈમેટ ચેન્જ ઉપર લેન્સેટ કાઉન્ટડાઉન એ એક આંતરરાષ્ટ્રીય, બહુશાખાકીય સહયોગ છે અને દર વર્ષે પ્રકાશિત થાય છે. આ સહયોગ "આબોહવા પરિવર્તનની વિકસતી આરોગ્ય રૂપરેખા" ઉપર દેખરેખ રાખે છે અને "પેરિસ કરાર હેઠળ વિશ્વભરની સરકારો દ્વારા કરવામાં આવેલી પ્રતિબદ્ધતાઓનું સ્વતંત્ર મૂલ્યાંકન પૂરું પાડે છે." આબોહવાની જીવન ઉપર અસર થઈ રહી રહી છે અને નવા વૈશ્વિક અંદાજો આબોહવા પરિવર્તન ઉપર વધુ વિલંબિત કાર્યવાહીના સ્વાસ્થ્ય માટે ગંભીર અને વધતા જોખમને દર્શાવે છે. દર સેકન્ડે ૧,૩૩૭ ટન $CO_2$ ઉત્સર્જિત થાય છે, અને તે લોકોના સ્વાસ્થ્ય અને અસ્તિત્વ માટેના જોખમોને વધારે છે. અંદાજ કહે છે કે આ જોખમો વધશે, તેમ અનુકૂલનના ખર્ચ અને પડકારો પણ વધશે. આ વિશ્લેષણ દર્શાવે છે કે ૨૦૨૦માં સ્વાસ્થ્ય માટે જોખમી ઊંચા તાપમાનના કુલ દિવસોમાંથી, માનવીય કારણસર આબોહવા પરિવર્તન થવાની સંભાવના ૬૦ ટકાથી વધુ છે. વધુમાં, ૧૯૯૦-૨૦૦૦ ની સરખામણીમાં ૬૫ વર્ષથી વધુ ઉંમરના લોકોમાં ગરમીથી થતા મૃત્યુમાં ૮૫ ટકાનો વધારો થયો છે. ૨૦૨૩ના અહેવાલમાં જાણવા મળ્યું છે કે વિશ્વ ખોટી દિશામાં આગળ વધી રહ્યું છે. તાજેતરના અહેવાલમાં જાણવા મળ્યું છે કે તેલ અને ગેસ કંપનીઓ પેરિસ કરાર સાથેના તેમના અનુપાલનને ઘટાડી રહી છે, જે વિક્રમજનક નફાકારક ઉદ્યોગ છે. ૨૦૨૩ની શરૂઆતમાં, વિશ્વની ૨૦ સૌથી મોટી તેલ અને ગેસ કંપનીઓની વ્યૂહરચનાઓનું પરિણામ ૨૦૪૦માં પેરિસ કરારના ધ્યેયો સાથે સુસંગત સ્તરને વટાવી જશે. વૈશ્વિક અશ્મિભૂત ઈંધણ રોકાણ ૨૦૨૨માં ૧૦ ટકા વધીને USD ૧ ટ્રિલિયન સુધી પહોંચ્યું છે. હ્યુમન ડેવલપમેન્ટ ઈન્ડેક્સ (HDI) ઓછો છે એવા દેશોમાં માત્ર ૨.૩ ટકા વીજળી આધુનિક રિન્યુએબલમાંથી આવે છે, આવા દેશોમાં ૯૨ ટકા ઘરો હજુ પણ તેમની ઉર્જા જરૂરિયાતો પૂરી કરવા માટે બાયોમાસ ઈંધણ ઉપર આધાર રાખે છે. ૬૨-દેશોના વિશ્લેષણમાં ભારતનો પણ સમાવેશ થાય છે, અને આ રિપોર્ટમાં જાણવા મળ્યું છે કે ઘરગથ્થુ વાયુ પ્રદૂષણને કારણે ૨૦૨૦ માં ૧,૦૦,૦૦૦ દીઠ ૧૪૦ મૃત્યુ થાય છે. આ સંદર્ભમાં, રિન્યુએબલ્સમાં સંક્રમણ વિકેન્દ્રિત સ્વચ્છ ઊર્જાની ઍક્સેસને સક્ષમ કરી શકે છે. આ અહેવાલમાં સ્વીકારવામાં આવ્યું છે કે આરોગ્ય અને આબોહવા પરિવર્તન વચ્ચેની કડીઓ અંગે વૈજ્ઞાનિક સમજ લોકોમાં ઝડપથી વધી રહી છે. ઉપરાંત, આબોહવા પરિવર્તનના આરોગ્યના પરિમાણોને જાહેરમાં વધુ સ્વીકારવામાં આવે છે. આ અહેવાલમાં ચેતવણી આપવામાં આવી છે કે, લોકોની સલામતીનું રક્ષણ કરવા માટેના પ્રયાસોની ગતિ અને માપદંડ ખૂબ જ ઓછો રહ્યો છે, વર્તમાન નીતિઓને લીધે વિશ્વને ૨૧૦૦ સુધીમાં સંભવિત વિનાશક ૨.૭ ડિગ્રી સેલ્સિયસ ગરમીનો વધારાનો સામનો કરવો પડશે. આરોગ્યકેન્દ્રિત શહેરી ડિઝાઈનને પ્રોત્સાહન આપવું જોઈએ અને મકાન અને પરિવહન-આધારિત વાયુ પ્રદૂષણ અને ઉત્સર્જનને ઘટાડવા જોઈએ. શહેરમાં હરિયાળી જગ્યાઓ વધવાથી પણ ઠંડક મળી શકે છે, કાર્બન સિક્વેસ્ટ્રેશનમાં વધારો થઈ શકે છે અને શારીરિક અને માનસિક સ્વાસ્થ્યને સીધો લાભ મળી શકે છે. આબોહવા પરિવર્તનને લીધે દર વર્ષે લાખો લોકોના મૃત્યુ થઈ રહ્યા છે અને તેના જોખમો ઝડપથી વધી રહ્યા છે. તેને નિયંત્રિત કરવા માટે આરોગ્ય વ્યાવસાયિકો, નીતિ નિર્માતાઓ, કોર્પોરેશનો અને નાણાકીય સંસ્થાઓ દ્વારા સંકલિત પગલાં અને વિજ્ઞાન આધારિત અભિગમ વિકસાવવાની જરૂર છે.

# ૨૦૨૨ના વર્ષમાં ૧૧ લાખ ભારતીય બાળકોને ઓરીની રસીનો ડોઝ આપવામાં આવ્યો નથી : WHO

નવી દિલ્હી, તા.૨૧

વિશ્વ આરોગ્ય સંસ્થા (WHO) અને યુએસ સેન્ટર્સ ફોર ડિસીઝ કંટ્રોલ એન્ડ પ્રિવેન્શન (ડબ્લ્યુએચઓ)ના નવા વૈશ્વિક અહેવાલ મુજબ, ભારતમાં ૨૦૨૨માં ૧.૧ મિલિયન બાળકો ઓરીનું તેમનું નિયમિત રસીકરણ ચૂકી ગયા હતા. ઓરી એ એક અત્યંત ચેપી, રસી-નિવારણક્ષમ રોગ છે જેને સંક્રમણમાં વિક્ષેપ આવે તે માટે ઉચ્ચ વસ્તી રોગપ્રતિકારક શક્તિની જરૂર છે. આ અહેવાલમાં ૧૯૪ દેશોના ડેટાનો સમાવેશ કરવામાં આવ્યો હતો જેમાં ૧૦ દેશોમાં ભારતને ચિહ્નિત કરવામાં આવ્યું હતું જે વિશ્વભરમાં ૫૫ ટકા હિસ્સો ધરાવે છે જેમાં સૌથી વધુ સંખ્યામાં શિશુઓ છે જેમણે ઓરી-સમાવતી રસી (MCV) MCV1 પ્રાપ્ત કરી નથી. ૧૦ દેશોમાં ભારત (૧.૧ મિલિયન), નાઈજીરીયા (૩ મિલિયન), ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ ધ કોંગો (૧.૮ મિલિયન), ઈથોપિયા (૧.૭ મિલિયન), પાકિસ્તાન (૧.૧. મિલિયન), અંગોલા (૦.૮ મિલિયન), ફિલિપાઈન્સ (૦.૮ મિલિયન), ઈન્ડોનેશિયા (૦.૭ મિલિયન), બ્રાઝિલ (૦.૫ મિલિયન) અને મેડાગાસ્કર (૦.૫ મિલિયન) છે. ૪૦,૯૬૭ કેસ સાથે ૨૦૨૧ માં ૨૨ દેશોની તુલનામાં, ૨૦૨૨માં નોંધપાત્ર રીતે આ રોગના વધુ કેસોમાં ૩૭ દેશોમાં ભારત હતું. વૈશ્વિક સ્તરે ૨૦૨૨માં ૩૩ મિલિયન બાળકોએ ઓરીની રસીનો ડોઝ ચૂકી ગયા છે. લગભગ ૨૨ મિલિયન તેમનો પ્રથમ ડોઝ ચૂકી ગયા છે અને વધારાના ૧૧ મિલિયન તેમનો બીજો ડોઝ ચૂકી ગયા છે. રોગચાળા દરમ્યાન વિશ્વભરમાં ઓરી સામે રસીકરણ ૨૦૦૮ પછી તેના સૌથી નીચા સ્તરે પહોંચ્યું હતું, જેના પરિણામે ૨૦૨૧ની તુલનામાં ૨૦૨૨માં ઓરીના અંદાજિત ૯ મિલિયન કેસ (૧૮ ટકાનો વધારો) અને ૧૩૬,૦૦૦ અંદાજિત ઓરીના મૃત્યુ (૪૩ ટકાનો વધારો) થયો હતો. સીડીસીના ગ્લોબલ ઈમ્યુનાઈઝેશન ડિવિઝનના ડિરેક્ટર જહોન વર્ટેફ્યુઈલે જણાવ્યું હતું કે, ઓરીના પ્રકોપ અને મૃત્યુમાં વધારો આશ્ચર્યજનક છે, પરંતુ કમનસીબે, છેલ્લા કેટલાક વર્ષોમાં રસીકરણના ઘટતા દરને જોતાં તે અનપેક્ષિત નથી. ઓરીના કેસો ગમે તમામ દેશો અને સમુદાયો માટે જોખમ ઊભું કરે છે અને જ્યાં લોકોને રસી આપવામાં આવતી નથી ત્યાં ઓરીના રોગ અને મૃત્યુને રોકવા માટે તાકીદના, લક્ષિત પ્રયાસો મહત્વપૂર્ણ છે. આ અહેવાલમાં દેશોને વિનંતી કરવામાં આવી છે કે તેઓ તમામ બાળકોને ઓરી અને અન્ય રસી-નિવારણ રોગો માટે રસી આપે. ઓરી નાબૂદી તરફ પ્રગતિ ચાલુ રાખવા માટે, તમામ બાળકોને રોગચાળા સંબંધિત રોગપ્રતિકારકતા માટે 2 MCV ડોઝ આપવા જોઈએ.

# વિદ્યાસહાયકોની ૨,૬૦૦ જગ્યા પૈકી ખાલી જગ્યા ઉપર જિલ્લા પસંદગી કરાશે

અમદાવાદ, તા.૨૧

પ્રાથમિક શાળાના વિદ્યાસહાયકની ભરતી અન્વયે ૨,૬૦૦ ઉમેદવારોની જિલ્લા પસંદગીની કાર્યવાહીપુર્ણ થયા બાદ ૧૨૩ જેટલી જગ્યાઓ ખાલી પડી હતી. જેથી આ જગ્યાઓ ભરવા માટે હવે પ્રતિક્ષા યાદીના મેરિટમાં આવતા ઉમેદવારોને જિલ્લા પસંદગી માટે બોલાવવામાં આવશે. મેરિટમાં આવતા ઉમેદવારો આજે ૨૧ નવેમ્બરના રોજ કોલ લેટર મેળવી શકશે અને ૨૮ નવેમ્બરના રોજ જિલ્લા પસંદગી માટે હાજર રહેવાનું રહેશે. રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા પ્રાથમિક શાળામાં ધોરણ૧થી ૫માં ઘટની ૩૯ અને સામાન્યની ૯૬૧ જગ્યા ઉપર વિદ્યાસહાયકની ભરતી માટેની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. આ જ રીતે ધોરણ-૬થી ૮માં ઘટની ૬૩૭ અને સામાન્યની ૯૬૩ જગ્યા માટે કાર્યવાહી કરાઈ હતી. આમ બંને મળી કુલ ૨,૬૦૦ જેટલી જગ્યા ઉપર વિદ્યાસહાયકની ભરતી માટે કાર્યવાહી હાથધરવામાં આવી હતી. આ ભરતીની જાહેરાત ઓક્ટોબર૨૦૨૨ના રોજ આપવામાં આવી હતી. હાઈકોર્ટના ચુકાદા બાદ રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા બદલીના નિયમોમાં સુધારા કર્યા હતા. આ સુધારા કરાયા બાદ જિલ્લા આંતરિક બદલી કેમ્પ અંગેની કાર્યવાહી શરૂ કરવામાં આવી હતી. જો કે આ તમામ પ્રક્રિયા વચ્ચે શિક્ષણ વિભાગ દ્વારા ૨,૬૦૦ વિદ્યાસહાયકની ભરતી પ્રક્રિયા આગળ લઈ જતાં જિલ્લા પસંદગીની તારીખો જાહેર કરવામાં આવી હતી. ત્યારબાદ ૨,૬૦૦ જગ્યાઓ માટે જિલ્લા પસંદગીનીકાર્યવાહી પુર્ણ કરવામાં આવી હતી. જો કે આ કાર્યવાહી પુર્ણ થયા બાદ જિલ્લા પસંદગી પૈકી જિલ્લા કક્ષાએ ખાલી પડેલી ૧૨૩ જગ્યાઓ માટે હવે પ્રતિક્ષાયાદીના ઉમેદવારોનજિલ્લા પસંદગીની તક આપવામાં આવશે. જિલ્લા પસંદગી પૈકી જિલ્લા કક્ષાએ ખાલી પડેલી બેઠકો જગ્યાઓ ઉપર પ્રતિક્ષાયાદીના મેરિટમાં આવતા ઉમેદવારોએ જિલ્લા પસંદગી માટેના ઓનલાઈન કોલ લેટર મેળવવા માટે કચેરીની વેબસાઈટ ઉપર મુકવામાં આવેલી સુચનાઓ અને મેરિટ જોઈ ઘટ અને સામાન્ય જગ્યાના ઉમેદવારોએ આજે ૨૧ નવેમ્બરના રોજ ૧૨ વાગ્યાથી કોલ લેટર મેળવી શકશે. કોલ લેટર મેળવનાર ઉમેદવારોને ૨૮ નવેમ્બરના રોજ જિલ્લા પસંદગી માટે રૂબરૂ બોલાવવામાં આવશે.

# ધોરણ-૯ અને ૧૧માં વર્ગ ઘટાડા માટે દરખાસ્ત કરવા સ્કૂલોને સૂચના

અમદાવાદ, તા.૨૧

અમદાવાદ શહેરમાં આવેલી ધોરણ-૯ અને ૧૧માં વિદ્યાર્થી સંખ્યા જળવાતી ન હોય તેવી સ્કૂલો પાસેથી વર્ગ ઘટાડા માટેની દરખાસ્ત મંગાવવામાં આવી છે. ઉપરાંત શિક્ષણ વિભાગ દ્વારા ધોરણ૧૦ અને ૧૨માં વર્ગદીઠ સંખ્યામાં ઘટાડો કર્યા બાદ પણ જો શાળામાં સંખ્યા જળવાતી ન હોય તો તેવી સ્કૂલોએ પણ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી સમક્ષ ૩ દિવસમાં વર્ગ ઘટાડા માટેની દરખાસ્ત કરવાની રહેશે તેવી સુચના આપી છે. પ્રાપ્ત માહિતી અનુસાર રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા તાજેતરમાં શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ માટે ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં શહેરી વિસ્તારમાં ૪૨+૨૫ વિદ્યાર્થી સંખ્યા એક વર્ષ માટે છુટછાટ આપવામાં આવેલી છે. જ્યારે ધોરણ-૯ અને ધોરણ-૧૧ માટે શિક્ષણ વિભાગના ૨૦૧૧ની શરતો અને બોલીઓ યથાવત રાખવામાં આવેલી છે. જે અન્વયે ધોરણ-૯ અને ધોરણ૧૧માં વિદ્યાર્થી સંખ્યા ૬૦+૩૬ પ્રમાણે વિદ્યાર્થી સંખ્યા શાળામાં જળવાતી ન હોય તેવી શાળાઓએ વર્ગ ઘટાડા માટેની દરખાસ્ત કરવાની રહેશે. આ ઉપરાંત ધોરણ-૧૦ અને ધોરણ-૧૨માં ૪૨+૨૫ પ્રમાણે વિદ્યાર્થી સંખ્યા જળવાતી ન હોય તેવી શાળાઓ પાસેથી પણ વર્ગ ઘટાડા માટેની દરખાસ્તો મંગાવવામાં આવી છે. જેમાં અમુક સ્કૂલોએ જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ખાતે દરખાસ્ત મોકલી દીધી છે. જ્યારે હજુ પણ જે શાળાઓને વર્ગ ઘટાડાની દરખાસ્ત કચેરી ખાતે મોકલવાની બાકી હોય તેવી શાળાઓએ વર્ગ ઘટાડા માટેની દરખાસ્ત જિલ્લા શિક્ષણાધિકારી કચેરી ખાતે ૩ દિવસમાં મોકલી આપવાની રહેશે. જો નિયત સમયમર્યાદામાં વર્ગ ઘટાડાની દરખાસ્ત નહીં આવે તો તે અંગેની જે કોઈ પણ પ્રશ્ન ઉપસ્થિત થશે તેની તમામ જવાબદારી શાળાના આચાર્ય અને શાળા મંડળની રહેશે.

# જ્ઞાન સાધના સ્કોલરશીપ પરીક્ષામાં શૈક્ષણિક યોગ્યતાના ૮૦ પ્રશ્નો પૂછાશે

## ૨૫ હજાર વિદ્યાર્થીઓને લાભ આપવા ૩૧ માર્ચના રોજ પરીક્ષા લેવામાં આવશે

અમદાવાદ, તા.૨૧

મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરિટ સ્કોલરશીપ હેઠળ આગામી વર્ષે ૨૫ હજાર જેટલા વિદ્યાર્થીઓને સ્કોલરશીપનો લાભ મળશે. આ માટે રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ૩૧ માર્ચના રોજ પરીક્ષા લેવામાં આવશે. આ પરીક્ષામાં ૧૨૦ ગુણનું પ્રશ્નપત્ર પૂછાશે, જેના માટે વિદ્યાર્થીઓન ૧૫૦ મિનિટનો સમય અપાશે. પરીક્ષામાં બૌધ્ધિક યોગ્યતા કસોટીના ૪૦ ગુણના અને શૈક્ષણિક યોગ્યતા કસોટીના ૮૦ ગુણના પ્રશ્નો પૂછાશે.

પ્રાપ્ત માહિતી અનુસાર, શિક્ષણ વિભાગના ઠરાવ અનુસાર રાજયના ૨૫૦૦૦ તેજસ્વી વિદ્યાર્થીઓ માટે મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ(ધોરણ૯ થી ૧૨ માટે) યોજના બહાર પાડેલી છે. આ યોજના અંતર્ગત શૈક્ષણિક વર્ષ ૨૦૨૪-૨૫ માટે જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ પરીક્ષા રાજય પરીક્ષા બોર્ડ દ્વારા ૩૧ માર્ચ, ૨૦૨૪ના રોજ યોજાનારા છે. જેમાં ધોરણ-૧થી ૮નો અભ્યાસ સરકારી કે ગ્રાન્ટેડ શાળાઓમાં કરેલો હોય અને હાલ ધોરણ-૮નો અભ્યાસ કરતા હોય અથવા RTEના ધોરણ-૧માં પ્રવેશ મેળવી ધોરણ- ૮ સુધીનો સળંગ આભ્યાસ કરનાર વિદ્યાર્થી જે હાલ ધોરણ-૮માં અભ્યાસ કરે છે તેવા વિદ્યાર્થી આ મેરીટ સ્કોલરશીપ પરીક્ષા આપી શકશે. આ પરીક્ષામાં મેરિટમાં આવતા ૨૫ હજાર વિદ્યાર્થીઓને ધોરણ ૯થી ૧૨ દરમ્યાન સ્કોલરશીપનો લાભ મળશે. સાથોસાથ ધોરણ-૮ના તમામ બાળકો પણ આ પરીક્ષાની તૈયારી કરી શકશે. આ પરીક્ષાની તૈયારીથી તેમનામાં સ્પર્ધાત્મક પરીક્ષા માટેનો મહાવરો થશે. તેમજ ભવિષ્યમાં બોર્ડની પરીક્ષા પણ આત્મવિશ્વાસ સાથે આપી શકાશે. આ પરીક્ષામાં બહુવિકલ્પ સ્વરૂપની અને વિવિધ હેતુલક્ષી સ્વરૂપની એમસીક્યુ બેઝ્ડ રહેશે. આ પરીક્ષાનું પ્રશ્નપત્ર ૧૨૦ ગુણનું તથા સમય ૧૫૦ મિનિટનો રહેશે. પરીક્ષાનું માધ્યમ ગુજરાતી અને અંગ્રેજી ભાષામાં રહેશે. બૌધ્ધિક યોગ્યતા કસોટીના ૪૦ ગુણના ૪૦ પ્રશ્નો રહેશે અને શૈક્ષણિક યોગ્યતા કસોટીના ૮૦ ગુણના ૮૦ પ્રશ્નો પુછાશે. બૌધ્ધિક યોગ્યતા કસોટીના ૪૦ પ્રશ્નો શાબ્દીક અને આશાબ્દીક તાર્કિક ગણતરીના રહેશે. આ પ્રશ્નોનામાં સાદ્રશ્ય, વર્ગીકરણ, સંખ્યાત્મક શ્રેણી, પેટર્ન, છુપાયેલા આકૃત્તિ વિષય આધારીત પ્રશ્નો રહેશે. જ્યારે શૈક્ષણિક યોગ્યતા કસોટીના ૮૦ પ્રશ્નોમાં ધોરણ-૮ના ગણિતના ૨૦ ગુણ, વિજ્ઞાનના ૨૦ ગુણ, સામાજિક વિજ્ઞાનના ૧૫ ગુણ, અંગ્રેજીના ૧૦ ગુણ, ગુજરાતીના ૧૦ ગુણ અને હિન્દીના ૫ ગુણના પ્રશ્નોનો સમાવેશ થાય છે.

# દેશના ૧૪ રાજ્યોના ડેમમાં પાણીની સ્થિતિ ચિંતાજનક : ગુજરાતમાં પર્યાપ્ત જથ્થો !

ગાંધીનગર, તા.૨૧

ભારતના ૧૫૦ મોટા જળાશયોમાં પાણીનું સ્તર ક્ષમતાના ૭૦ ટકાથી નીચે આવી ગયું છે, જ્યારે ૧૪ રાજ્યોમાં આ અઠવાડિયે પાણીનો સંગ્રહ સામાન્ય સ્તરથી નીચે ગયો છે. લાઈવ સ્ટોરેજ ઉપર સેન્ટ્રલ વોટર કમિશનના સાપ્તાહિક બુલેટિન મુજબ, મોટા જળાશયોમાં સંગ્રહ ૧૨૪.૧૨૪ બિલિયન ક્યુબિક મીટર (BCM) અથવા ૧૭૮.૭૮૪ BCMની જીવંત ક્ષમતાના ૬૯ ટકા હતો, અન્ય અહેવાલ અનુસાર આ સ્તર ગયા વર્ષની તેમજ છેલ્લા ૧૦ વર્ષની સરેરાશ કરતા ઘણું નીચું છે. ગયા સપ્તાહે સંગ્રહ ક્ષમતા ૭૧ ટકા હતી. આ ઘટાડો ઓગસ્ટમાં ૩૨ ટકા ઓછો વરસાદ અને ચોમાસા પછી ઓછા સંગ્રહના સ્તરને કારણે છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, જે ૭૧૨ જિલ્લામાંથી ડેટા પ્રાપ્ત થયો છે તેમાંથી ૬૪ ટકામાં ઓછો વરસાદ થયો છે. તે જ સમયે, ચોમાસા પછી ઓછો વરસાદ અને જળાશયોમાં પાણીનું સ્તર ઘટવાથી રવિ પાક, ખાસ કરીને ઘઉં, ચોખા, સરસવ અને ચણાના ઉત્પાદનને અસર થઈ શકે છે. ડેટા દર્શાવે છે કે ૧૪ રાજ્યોમાં જ્યાં પાણીનું સ્તર સામાન્યથી નીચે છે, જેમાં તમિલનાડુ, આંધ્ર પ્રદેશ, કર્ણાટક અને ઉત્તર પ્રદેશમાં પાણીના સંગ્રહ એ આગામી સમય માટે ચિંતાનો વિષય છે. ગુજરાત એક એવું રાજ્ય છે કે જ્યાં પર્યાપ્ત પાણી છે અને સંગ્રહ સ્તર સામાન્ય કરતાં ૩૧ ટકા વધુ છે. ઉપરાંત, દેશમાં ૧૫ જળાશયોનું સ્તર સામાન્ય સંગ્રહના ૫૦ ટકા સુધી છે, જ્યારે ૧૦૫માં સામાન્ય સંગ્રહના ૮૦ ટકા કે તેથી વધુ છે. દક્ષિણ પ્રદેશમાં પાણીનું સ્તર ૪૪ ટકા રહ્યું છે, જે ગયા સપ્તાહની જેમ સામાન્ય કરતાં ૪૫ ટકા ઓછું છે. પ્રદેશના ૪૨ જળાશયોમાં ૧૨માં સ્તર સામાન્ય સંગ્રહના ૪૦ ટકાથી નીચે છે, જ્યારે ૮ વિસ્તારોમાં તે ૪૦ ટકાથી ૫૦ ટકાની વચ્ચે છે.

# સબસિડી આપવામાં આવતી હોવા છતાં દેશમાં રૂફટોપ સોલર હજુ પણ ખૂબ મોંઘા છે : અભ્યાસ



નવી દિલ્હી તા.૨૧

ભારતમાં રૂફટોપ સોલાર સિસ્ટમ્સનો ઓછો વપરાશ મોટાભાગે મર્યાદિત વીજળી વપરાશ અને કોલસા આધારિત વીજળી માટે હાલની સબસિડીને કારણે છે જે સબસિડીવાળી સૌર શક્તિને પણ મોંઘી બનાવે છે. ૨૧ રાજ્યોમાં ૧૪,૦૦૦ ઘરોમાં આ અભ્યાસ કરવામાં આવ્યો છે. આ વિશ્લેષણ કાઉન્સિલ ફોર એનર્જી, એન્વાયરમેન્ટ એન્ડ વોટર (CEEW), દિલ્હી સ્થિત થિંકટેંકના સંશોધકો દ્વારા હાથ ધરવામાં આવ્યું હતું અને જાહેર કરવામાં આવ્યું હતું. જો ભારતના અંદાજિત ૨૫-૩૦ કરોડ ઘરોમાં તમામ રૂફટોપ ઉપર સોલાર પેનલ લગાવવામાં આવી હોય, તો તે ૬૩૭ ગીગાવોટ (૧ ગીગાવોટ (GW) એટલે ૧૦૦૦ મેગાવોટ (MW)- અથવા પહેલાથી ઈન્સ્ટોલ કરેલી કુલ રિન્યુએબલ એનર્જી ક્ષમતા કરતાં પાંચ ગણી જેટલી થશે. ભારતમાં હાલમાં લગભગ ૧૧ GW સ્થાપિત રૂફટોપ સોલર ક્ષમતા છે, જેમાંથી માત્ર 2.7 GW રહેણાંક એકમોમાં છે અને બાકીની વ્યાપારી અથવા ઔદ્યોગિક જગ્યાઓમાં છે. સરકારે 40GW સ્થાપિત કરવાનો લક્ષ્યાંક રાખ્યો હતો. નવીનીકરણીય ઊર્જા મંત્રાલય (MNRE), દ્વારા રૂફટોપ સોલાર સિસ્ટમ્સ ઉપર સબસિડીઓ આપવામાં આવતી હોવા છતાં, આ વિશ્લેષણ મુજબ, મોટાભાગના ભારતીય ગ્રાહકો માટે હજુ પણ ખૂબ ખર્ચાળ છે. આશરે ૮૦%થી ૮૫% ગ્રાહકો વાર્ષિક આશરે ૧૨૦૦ યુનિટ વીજળીનો ઉપયોગ કરે છે જેમાંથી એક મોટો ભાગ રાજ્યની સબસિડીને કારણે પહેલેથી જ મફત વપરાશ કરે છે. રૂફટોપ અપનાવવા માટે, ૦-૧ કિલોવોટના સૌથી ઓછા વીજળીનો વપરાશ ધરાવતા ગ્રાહકોના સેગમેન્ટ માટે કદાચ વધુ પ્રોત્સાહનોની જરૂર છે. સ્ટ્ટઈઈના અંદાજ મુજબ હાલમાં 1-2 KW સિસ્ટમ ઈન્સ્ટોલ કરવાનો ખર્ચ લગભગ રૂા.૪૩,૦૦૦ પ્રતિ યુનિટ છે. 3KW સુધીના એકમો લગભગ રૂા.૧૪,૦૦૦ પ્રતિ યુનિટની સબસિડી માટે પાત્ર છે. ૬૦%થી વધુ તકનીકી ક્ષમતા ભારતના સાત રાજયોમાં કેન્દ્રિત છે. આસામ, બિહાર, ઓડિશા, મધ્યપ્રદેશ, રાજસ્થાન, ઝારખંડ અને ઉત્તરાખંડ જેવા રાજ્યોમાં ઓછી ઉર્જા ધરાવતા પરિવારોના હિસ્સાને કારણે તકનીકી ક્ષમતામાં નોંધપાત્ર ઘટાડો જોવા મળે છે. વધુમાં, ગ્રામીણ વિસ્તારો તમામ રાજયોના શહેરી વિસ્તારો (274 GW)ની તુલનામાં રહેણાંક છત વિસ્તાર (363 GW) ઉપર આધારિત ઉચ્ચ તકનીકી સંભવિતતા દર્શાવે છે. ભારતની સૌર ઊર્જા ક્રાંતિ - ૨૦૧૦માં ૨,૦૦૦ મેગાવોટની સૌર ઉર્જા ક્ષમતાથી હવે ૭૨,૦૧૮ મેગાવોટ થઈ રહી છે. પરંતુ વધુ ક્ષમતા માટે રહેવાસીઓને યોગ્ય કિંમત અને આકર્ષક પ્રોત્સાહનો આપવા જોઈએ. તેના લીધે ઘરો માટે યોગ્ય ઉત્પાદનો અને ક્ષમતાઓ ઊભી કરવા માટેના બજારોને પ્રોત્સાહિત કરવા જોઈએ.

# બિલખામાં આવેલ બહુચરાજી મઠના ગાદીપતિ તેમજ ગ્રામજનો દ્વારા ઐતિહાસિક તુલસી વિવાહનું ભવ્ય આયોજન

## આસપાસના ગામોને ધુમાડાબંધ જમણવારનું પણ આયોજન



(મહેન્દ્ર નાગ્રેચા દ્વારા)

બિલખા તા. ૨૧

બિલખા ખાતે આવેલ બહુચરાજી મઠના ગાદીપતિ તેમજ ગ્રામજનો દ્વારા ઐતિહાસિક તુલસી વિવાહનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. મુખ્ય ગાદીપતિ નિલમ ફઈબા (માતાજી) અને પ્રવિણા ફઈબા (માતાજી)ના માર્ગદર્શન હેઠળ તડામાર તૈયારી હાથ ધરવામાં આવી છે. વિ.સં.૨૦૮૦ કારતક સુદ અગીયારસ ને ગુરૂવાર તા.૨૩-૧૧-૨૩ ના રોજ બહુચરાજી મઠ બિલખા ગામ સમસ્ત દ્વારા ભવ્ય તુલસી વિવાહનું આયોજન કરેલ છે. જેમાં તુલસીજીના યજમાન પદે અશોકભાઈ કાળુભાઈ ભરવાડ ગોલતર (બિલખા), બહુચરાજી મઠ (કલાલ શેરી) બિલખા અને ઠાકોરજીના યજમાન પદે લખમણભાઈ ભીખાભાઈ કાટોડીયા (નાની મોણપરી), ભરવાડ બાવાની જગ્યા ભલગામ (બિલખા)થી ઠાકોરજીની રૂડી જાન સાંજે ૭ કલાકે વાજતે ગાજતે મધુસુદન બિલખા ખાતે પધારશે. કારતક સુદ દશમ ને બુધવાર તા.૨૨-૧૧-૨૩ ના રોજ સવારે ૮ કલાકે શ્રી બહુચરાજી મઠ કલાલ શેરી ખાતે મંડપ મુહુર્ત કરવામાં આવશે. આ જ દિવસે બપોરે ૪ કલાકે શ્રી બહુચરાજી મઠ કલાલ શેરીથી તુલસીજીની ભવ્ય નગરયાત્રા યોજાશે. આજ દિવસે રાત્રે ૧૦ કલાકે મધુસુદન મિલના પટાંગણમાં દાંડીયારાસ યોજાશે. જયારે કારતક સુદ ૧૧ ને ગુરૂવાર તા.૨૩-૧૧-૨૩ના રોજ સાંજે ૬.૩૦ કલાકે મધુસુદન મિલ બિલખા ખાતે જાન આગમન થશે. તેમજ આજ દિવસે સાંજે ૭ કલાકે મધુસુદન મિલ ખાતે ભોજન સમારંભનું આયોજન કરવામાં આવેલ છે અને રાત્રે ૧૦ કલાકે શાસ્ત્રોકત લગ્નવિધી કરવામાં આવશે. શુભલગ્ન સ્થળ મધુસુદન મિલ, રેલ્વે ફાટક પાસે, બિલખા ખાતે યોજાશે. આ કાર્યક્રમમાં સનાતન કિન્નર અખાડાના ગાદીપતિ વિવિધ શહેરમાંથી ખાસ પધારશે. તેમજ સંતો-મહંતો, અગ્રણીઓ, ગ્રામજનો મોટી સંખ્યામાં આ કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. દાંડીયા રાસમાં નામી-અનામી કલાકારો પણ પધારશે. બિલખાના આંગણે યોજાનારા તુલસી વિવાહના કાર્યક્રમનો સફળ બનાવવા તડામાર તૈયારી હાથ ધરવામાં આવી છે તેમજ સહકુટુંબ મિત્ર મંડળ સાથે પધારવા બહુચરાજી મઠના ગાદીપતિ નિલમ ફઈબા (માતાજી) તેમજ પ્રવિણા ફઈબા (માતાજી)એ શ્રધ્ધાળુઓને ભાવભર્યુ નિમંત્રણ પાઠવેલ છે.

# સોમનાથ -વેરાવળ વિભાગીય એસટી બસ તંત્રને દિવાળી ફળી

## જૂનાગઢ વિભાગના ૯ ડેપોમાંથી દિવાળી એક્સ્ટ્રા બસોનું સંચાલન હાથ ધરી રૂા.૧૫.૫૮ લાખની એક્સ્ટ્રા આવક મેળવી



વેરાવળ તા. ૨૧

વેરાવળ-સોમનાથ વિભાગ એસટી ડેપો મેનેજર ડી.આર. શામળા, મદદનીશ દયારામ બાપુ મેસવાણીયા તથા સર્વે સ્ટાફ ટીમ વર્કને કારણે વેરાવળ એસટી બસ ડેપોએ દિવાળીના વેકેશન, આસ્થા, પ્રવાસ અને તિર્થયાત્રાએ આવેલ પેસેન્જરોનું વિનય-સલામત અને મદદરૂપ બની તા.૯-૧૧-૨૩ થી ૧૯-૧૧-૨૩ સુધી કુલ ૧૧ દિવસમાં રૂા.૧૫,૫૮,૦૭૭ની એકસ્ટ્રા બસના સંચાલનની આવક મેળવી જૂનાગઢ વિભાગના ૯ ડેપોમાંથી વેરાવળ એસટી ડેપો પ્રથમ સ્થાને આવેલ છે. એસટીના વિભાગીય મેનેજર દિલીપ શામળા કહે છે કે, આ અગીયાર દિવસમાં ૪૫૯ ટ્રીપ કરાઈ અને ૪૬,૫૯૯ કિ.મી. એસટી પૈંડાઓ ફર્યા અને ઈપીકેએમ ૩૩.૪૪ ટકા રહી એવરેજ આ સમગ્ર ગાળા દરમ્યાન ૧૮,૩૭૦ મુસાફરોએ મુસાફરી કરી અને ૧૨૬ વાહન વપરાયા હતા. આ એકસ્ટ્રા બસ સંચાલનની વાત રહી પણ તે ઉપરાંત પણ સોમનાથ-વેરાવળથી કાયમી ધોરણે દોડતી અમદાવાદ-સુરત, વડોદરા, જૂનાગઢ, રાજકોટ સહિતની બસો તેમજ રિઝર્વેશન ચાર્જ, સ્લીપીંગ બસોનો પણ યાત્રિકોએ બહોળા પ્રમાણમાં લાભ લઈ પોતાની મુસાફરી સરળ અને સલામત બનાવી અને એસટીના વિનયી તંત્રથી સંતોષ અનુભવ્યો છે.

# સોમનાથ કાર્તિકી પુર્ણિમા મેળામાં વેરાવળ એસટી તંત્ર વધારાની બસો દોડાવશે

વેરાવળ તા. ૨૧

વિશ્વ પ્રસિધ્ધ સોમનાથ કાર્તિકી પુર્ણિમા મેળામાં વેરાવળ એસટી બસ તંત્ર યાત્રિકોની સુવિધા માટે વેરાવળથી સોમનાથ સુધી વધારાની એકસ્ટ્રા બસો દોડાવશે. વેરાવળ ડેપો મેનેજર ડી.આર. શામળા અને મદદનીશ દયારામબાપુ મેસવાણીયાએ જણાવ્યું હતું કે, સોમનાથ કાર્તિક પુર્ણિમા મેળામાં જવા માટે બસો દોડતી થશે. જેમાં હાલના તબકકે ૪ થી ૫ બસો ફાળવાઈ છે અને જેમ જેમ જરૂરીયાત થતી જશે તેમ તેમ ઉમેરો કરાતો રહેશે. આ બસોને વેરાવળ ઈન્ડિયન રેયોન શિક્ષક કોલોની બાયપાસ નમસ્તે હોટલ પાસેના સ્થાનિક પોઈન્ટ પણ ચઢવા-ઉતરવા માટે અપાયા છે. ઉપરાંત હાલનું સોમનાથનું બસ સ્ટેશન સોમનાથ કાર્તિક પુર્ણિમાની સાવ નજીક જ છે જેથી યાત્રિકોને અવર-જવર સુગમ રહેશે.

# યુકેના હેરોમાં સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ આયોજિત દિવાળી ઉત્સવમાં મુખ્ય મહેમાન તરીકે હાજરી આપતા નરેશભાઈ પટેલ

## સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ યુકે દ્વારા નરેશભાઈ પટેલ અને શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડનું સન્માન કરાયું




(પ્રતિનિધિ દ્વારા)

રાજકોટ, તા.૨૧

યુકેના હેરોમાં સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ યુકે દ્વારા દિવાળી ઉત્સવનું ભવ્યાતિભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેનશ્રી નરેશભાઈ પટેલે મુખ્ય મહેમાન તરીકે હાજરી આપી હતી. આ પ્રસંગે સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ યુકે દ્વારા નરેશભાઈ પટેલનું ભવ્ય સ્વાગત-સન્માન કરવામાં આવ્યું હતું. સાથે જ શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

ગત તારીખ ૧૯ નવેમ્બર ને રવિવારના રોજ યુકેના હેરોમાં સૌરાષ્ટ્ર લેઉવા પટેલ સમાજ દ્વારા દિવાળી ઉત્સવના કાર્યક્રમનું શાનદાર આયોજન કરાયું હતું. જેમાં યુકેમાં વસતા મૂળ સૌરાષ્ટ્રના લેઉવા પટેલ સમાજના પરિવારજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં બિઝનેસ મીટઅપ, દિવાળી સેલિબ્રેશન, સાંસ્કૃતિક કાર્યક્રમ, ડીજેના તાલે રાસ-ગરબા, રમતગમત, ડાન્સ, ફાઈનલ મેચનું લાઈવ પ્રસારણ સહિતના કાર્યક્રમો યોજાયા હતા. આ કાર્યક્રમમાં શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના ચેરમેન નરેશભાઈ પટેલને મુખ્ય મહેમાન તરીકે આમંત્રિત કરાયા હતા. ત્યારે શ્રી નરેશભાઈ પટેલ અને શ્રી ખોડલધામ ટ્રસ્ટના ટ્રસ્ટી દિનેશભાઈ કુંભાણી, ઉપપ્રમુખ તુષારભાઈ લુણાગરીયા અને માનદમંત્રી જીતુભાઈ વસોયાએ હાજરી આપી હતી.

નરેશભાઈ પટેલે યુકેમાં વસતા લેઉવા પટેલ સમાજના પરિવારજનોને નવા વર્ષની શુભેચ્છા પાઠવી હતી અને સંગઠનને બિરદાવી શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના સેવાકીય પ્રવૃત્તિઓની માહિતી આપી હતી. સાથે જ આગામી ૨૧ જાન્યુઆરી, ૨૦૨૪ના રોજ શ્રી ખોડલધામ મંદિરના પાટોત્સવ પ્રસંગે યોજાનાર કેન્સર હોસ્પિટલના ભૂમિપૂજન સમારોહમાં હાજરી આપવા યુકેમાં વસતા સૌ પરિવારજનોને શ્રી નરેશભાઈ પ,ટેલે આમંત્રણ પાઠવ્યું હતું. આ કાર્યક્રમમાંઆપણા દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી અને આપણા ગુજરાત રાજયના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પણ વર્ચ્યુલી જોડાયા હતા. આ ઉપરાંત હેરો ઈસ્ટના સાંસદ બોબ બ્લેકમેન, બ્રેન્ટ એન્ડ હેરોના સ્ન્છ કુપેશભાઈ હિરાણી, London Borough Of Harrowના મેયર રામજીભાઈ ચૌહાણ, કેન્ટોન વેસ્ટના કાઉન્સિલર કાંતિભાઈ રાબડિયા, બેલમોન્ટના કાઉન્સિલર અંજના પટેલ સહિતના મહેમાનો પણ ઉપસ્થિત રહ્યા હતા.

# આગામી ૨૫ નવેમ્બરનાં રોજ ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગરનું સ્નેહ મિલન યોજાશે

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગરનાં પ્રમુખ પુનિતભાઈ શર્માનાં અધ્યક્ષસ્થાને સર્કિટ હાઉસ જૂનાગઢ ખાતે આગામી ૨૫ નવેમ્બરનાં રોજ આયોજીત સ્નેહ મિલનનાં આયોજન અનુસંધાને બેઠક યોજાઈ હતી. જેમાં જૂનાગઢ વિધાનસભાનાં ધારાસભ્ય સંજયભાઈ કોરડીયા, મેયર ગીતાબેન પરમાર, મહામંત્રી ભરતભાઈ શીંગાળા, મનનભાઈ અભાણી, વિનુભાઈ ચાંદેગરા, સંગઠનનાં હોદેદારો, આગેવાનો, મોરચાના પ્રમુખ, મહામંત્રી વોર્ડનાં પ્રમુખ મહામંત્રી તથા



કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આગામી ૨૫ નવેમ્બરનાં સાંજે ૬:૩૦ કલાકે શિવમ પાર્ટી પ્લોટ ખાતે ભારતીય જનતા પાર્ટી જૂનાગઢ મહાનગર દ્વારા યોજાનાર આ સ્નેહ મિલન યાદગાર બની રહે તે ઉદ્દેશથી વ્યવસ્થાનાં ભાગરૂપે બેઠક યોજાઈ હતી. જેમાં મહાનગર પ્રમુખ પુનિતભાઈ શર્મા દ્વારા વિવિધ આયોજનો કરવામાં આવ્યા હતા.

# શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજીના દર્શન કરી મણિપુર ૪૮ ઋષિકુમારોએ સભામંડપમાં સંતોના આશીર્વાદ મેળવ્યા



(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર તા.૨૧

શ્રી સ્વામિનારાયણ મંદિર વડતાલધામ સંચાલિત, શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી સાળંગપુરધામ આયોજિત, વડતાલ ગાદીનાંપ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજનાં આશિષથી વિશ્વ વિખ્યાત સાળંગપુર હનુમાનજી મંદિરમાં શતામૃત મહોત્સવ અંતર્ગત શ્રીકષ્ટભંજન દેવ હનુમાનજીની પ્રાણ-પ્રતિષ્ઠા થયાને ૧૭૫ વર્ષ પૂર્ણ થતાં ભવ્ય અને દિવ્ય શતામૃત મહોત્સવમાં મણિપુર ૪૮ ઋષિકુમારોને દાદાના દર્શન કરાવ્યા હતાં. સભા મંડપમાં સંતોના આશીર્વાદ લીધા હતા. ત્યારબાદ કિંગ ઓફ સાળંગપુરના દર્શન કરાવ્યા. એ પછી ઋષિકુમારોએ પ્રસાદ લીધો હતો. આ પછી તમામ ઋષિ કુમારોને હનુમાન વાટિકા પ્રદર્શન જોવા માટે લઈ ગયા હતાં. જેમાં અલગ-અલગ પ્રકારના શો તેમને નીહાળ્યા હતા. ત્યાર બાદ તેમને મેળામાં પણ લઈ જવામાં આવ્યા હતાં. આ પછી ફરી સભામંડપમાં તેમને કથા શ્રવણ માટે લાવવામાં આવ્યા હતાં. મહત્ત્વનું છે કે, આવતીકાલે ઋષિકુમારોને ગઢડા દર્શન કરવા માટે લઈ જવાના છે.

# નિર્મળ ફાઉન્ડેશન દ્વારા દિવાળીના તહેવાર નિમિત્તે ઝૂંપડપટ્ટી વિસ્તારમાં મીઠાઈ તથા ફરસાણનું વિતરણ કરાયું



(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૨૧

જૂનાગઢ નિર્મળ વ્રજ ફાઉન્ડેશન તથા સત્યમ સેવા યુવક મંડળના સહકારથી તા.૧૩-૧૧-૨૩ના રોજ ઝૂંપડપટ્ટીના ૫૦૦ જેટલા ગરીબ પરિવારોને મીઠાઈ તથા ફરસાણનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ સેવા યજ્ઞમાં વજુભાઈ ધકાણ, મનસુખભાઈ વાજા, નિર્મળાબેન ધકાણ, ઉપેન્દ્રભાઈ તથા દિનેશભાઈ, રૂપલબેન, સ્વાતિબેન, હીરબેન, કરણભાઈ તથા અલ્પેશભાઈ પરમાર જોડાયા હતા. જેમાં જરૂરિયાતમંદ લોકોને દિવાળી નિમિત્તે વિતરણ કરવામાં આવ્યું હતું. સાચા અર્થમાં ગરીબ પરિવારોના ઘરે દિવાળીના દીવડા પ્રગટાવી આ સેવા યજ્ઞ દ્વારા પરમાર્થનું કાર્ય કરવામાં આવ્યું હતું.

# દ્વારકામાં જલારામ જયંતિની ભવ્ય ઉજવણી

## અભિષેક પૂજા, ધ્વજારોહણ, અન્નકુટ દર્શન, શોભાયાત્રા, સમુહપ્રસાદી સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા



(રાકેશ રામાણી દ્વારા)

દ્વારકા તા. ૨૧

શ્રિજલારામ સેવા સમિતી દ્વારકા તેમજ સમસ્ત રઘુવંશી પરિવાર દ્વારા પૂજય શ્રીજલારામ બાપાની ૨૨૪મી જન્મજયંતિ ભકિતભાવપૂર્વક ઉજવાઈ ગયેલ. આ પ્રસંગે દ્વારકાધીશ સોસાયટીમાં આવેલ શ્રી જલારામ મંદિરે સવારે અભિષેક પુજા, ધ્વજારોહણ, બપોરે અન્નકુટ દર્શન, સાંજે મહાઆરતી સહિતના કાર્યક્મો યોજાયા હતા. બાદમાં જલારામબાપાની શોભાયાત્રા શ્રી લોહાણા મહાજન વાડીએથી પ્રસ્થાન કરી દ્વારકાના વિવિધ માર્ગો પર ફરી મહાજનવાડીએ પરત ફરેલ. જેમાં બહોળી સંખ્યામાં રઘુવંશીઓ જોડાયા હતા. આ પ્રસંગે યોજાયેલ રકતદાન કેમ્પમાં મોટા પ્રમાણમાં રકતદાતાઓએ સ્વૈચ્છીક રકતદાન કરેલ. અંતમાં રઘુવંશી ભાઈ-બહેનો માટે લોહાણ મહાજનવાડીમાં સમુહ મહાપ્રસાદ (નાત) યોજાયેલ. જેમાં બહોળી સંખ્યામાં જ્ઞાનિજનોએ લાભ લીધેલ. આમ જલારામ જયંતિ મહોત્સવ ધામધુમથી સંપન્ન થયેલ. મહાપ્રસાદીના મુખ્ય યજમાન સ્વ.દિનેશભાઈ રતિલાલ વિઠલાણી હસ્તે નયનાબેન રતિલાલ વિઠલાણી પરિવાર રહેલ. સમગ્ર ધર્મોત્સવને સફળ બનાવવા માટે રઘુવંશી આગેવાનો તથા યુવાનોએ જહેમત ઉઠાવેલ.

# સાળંગપુર ધામ ખાતે ૧૦૮ ટ્રાયસીકલ સાયકલોનું દિવ્યાંગોને વિતરણ કરાયું



(પ્રતિનિધિ દ્વારા)

સાળંગપુર, તા.૨૧

શ્રી સ્વામિનારાયણમંદિર વડતાલધામ સંચાલિત, શ્રી કષ્ટભંજનદેવ હનુમાનજી સાળંગપુરધામ આયોજિત, વડતાલ ગાદીનાં પ.પૂ.ધ.ધુ. ૧૦૦૮ આચાર્યશ્રી રાકેશપ્રસાદજી મહારાજનાં આશિષથી વિશ્વ વિખ્યાત સાળંગપુર હનુમાનજી મંદિરમાં શતામૃત મહોત્સવ અંતર્ગત શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજીની પ્રાણ-પ્રતિષ્ઠા થયાને ૧૭૫ વર્ષ પૂર્ણ થતાં ભવ્ય અને દિવ્ય શતામૃત મહોત્સવમાં આજે ૧૦૮ ટ્રાઈસિકલ જરૂરિયાતમંદ લોકોને અર્પણ કરવામાં આવી હતી. એમાં પ્રતિક રૂપે અહીં ૨૦ થી ૨૫ લોકોને બોલાવ્યા હતા. કાર્યક્રમ વખતે એમને અર્પણ કરવામાં આવી હતી. ઋષિભાઈ વિનુભાઈ ચોરસિયા હાલ ઓસ્ટ્રેલિયા તેમના પરીવાર તરફથી દિવ્યાંગ લોકો માટે એક ભાવ રૂપે, દિવ્યાંગના હનુમાન બને એના માટે પુરાણી સ્વામી શ્રી વિષ્ણુપ્રકાશદાસજી, ચેરમેન શ્રી દેવપ્રકાશદાસજી સ્વામી-વડતાલ, પૂજય પ્રેમપ્રકાશદાસજી સ્વામી- કલાકુંજ મંદિર વગેરે વડીલ સંતોના હસ્તે ૧૦૮ ટ્રાયસીકલ સાયકલ અર્પિત કરવામાં આવી હતી. મંદિરના દર્શને આવતા વૃદ્ધો, રોગીઓ દર્શનાર્થીઓને ૫૦ વ્હીલ ચેર પણ આ ચોરસીયા પરિવાર તરફથી શ્રી કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિરને અર્પણ કરવામાં આવી હતી.

# જૂનાગઢ સહિત સૌરાષ્ટ્રમાં ગુરૂવારે દેવ દિવાળી પર્વની થશે ઉજવણી

## દેવઉઠી એકાદશીના પર્વે ઠેર-ઠેર તુલસી વિવાહના આયોજનો : ભગવાનના લગ્નોત્સવમાં મહાલવા ભાવિકોમાં ભારે ઉત્સાહ








(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૧

જૂનાગઢ નજીક આવેલા ગરવા ગિરનારની ૩૬ કિલોમીટરની લીલી પરિક્રમાનો દેવઉઠી દિવાળીના દિવસથી પ્રારંભ થવા જઈ રહ્યો છે. આગામી તા.૨૩ અને ગુરૂવારના રોજ પરિક્રમા શરૂ થવા જઈ રહી છે તો બીજી તરફ કારતક સુદ અગીયારસ અને દેવ દિવાળીના આ દિવસે તુલસી વિવાહના કાર્યક્રમો પણ યોજવામાં આવતા હોય છે. ભગવાનના ભારે ઉત્સાહ સાથે લગ્ન કરવામાં આવતા હોય છે અને આ સાથે જ લગ્નગાળાની મોસમ પણ પુર બહારમાં ખીલી ઉઠી હોય છે. આ વર્ષે લગ્નના કુલ ૪૧ શુભમુહુર્ત રહેલા છે. ત્યારે તા.૨૭ નવેમ્બરથી લઈ લગ્નસરાની મોસમ પણ શરૂ થવાની છે અને જેની તૈયારીમાં લોકો કે જેમના ઘરે રૂડો અવસર આવવાનો છે તે લગ્નની તૈયારીમાં પડી ગયા છે. દિપાવલી, નૂતન વર્ષ, ભાઈબીજ, લાભપાંચમ, જલારામ જયંતિ સહિતના પર્વની જૂનાગઢ સહિત સમગ્ર સોરઠમાં ભારે ઉત્સાહમય રીતે ઉજવણી કરવામાં આવી હતી. ગત રવિવારે સમગ્ર સૌરાષ્ટ્રમાં પૂજય જલારામ બાપાની ૨૨૪મી જન્મજયંતિની ભાવભેર ઉજવણી કરવામાં આવી હતી. આરતી, પૂજન, શોભાયાત્રા સહિતના અનેક કાર્યક્રમો યોજાયા હતા અને જય જલીયાણનો નાદ ગુંજી ઉઠયો હતો. આગામી ગુરૂવારે તા.૨૩ નવેમ્બરે દેવઉઠી એકાદશી છે. વિક્રમ સંવત ૨૦૮૦ની આ પ્રથમ એકાદશી છે. તેને દેવઉઠી એકાદશી તરીકે શ્રધ્ધા અને ભકિતભાવ પુર્વક મનાવવામાં આવશે. દેવ દિવાળીના આ પર્વે સૌરાષ્ટ્રભરમાં તુલસી વિવાહના કાર્યક્રમો ઠેર-ઠેર યોજવામાં આવી રહ્યા છે. ભગવાન સાલીગ્રામ અને તુલસી વિવાહના પ્રસંગને ભાવિકો અને શ્રધ્ધાળુ દ્વારા ભારે ઉત્સાહ પુર્વક મનાવવામાં આવે છે. સાજન, માજન સાથે ભગવાનની જાજેરી જાન જોડવામાં આવે છે અને વાજતેગાજતે તુલસી વિવાહના કાર્યક્રમો સંપન્ન થાય છે. તુલસી વિવાહના કારયક્રમો સંપન્ન થયાની સાથે જ લગ્નસરાની મોસમનો પણ પ્રારંભ થતો હોય છે. સૌરાષ્ટ્રમાં દેવ દિવાળીના દિવસે તુલસી વિવાહના આયોજનો થતા હોય છે અને પુષ્ટી સંપ્રદાયના મંદિરોમાં શેરડીનો મંડપ બાંધવામાં આવે છે. ભગવાન વિષ્ણુના તુલસી માતા સાથે વિવાહ સંપન્ન થયા હોવાથી આ દિવસે ભગવાન વિષ્ણુને તુલસી અર્પણ કરાતા નથી અને આ દિવસથી જૂનાગઢ ગરવા ગિરનારની લીલી પરિક્રમાનો પ્રારંભ થાય છે. આ પરિક્રમાને લઈને ભાવિકોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે અને આ વર્ષે ગિરનારની લીલી પરિક્રમામાં ૧૫ લાખ કરતા પણ વધારે ભાવિકો ઉમટી પડશે તેવી ધારણા છે.

# ગરવા ગિરનારની લીલી પરિક્રમા પ્રારંભ થવાને ગણત્રીના કલાકો : સુરક્ષા માટે અનેક પગલા

## હોટેલ, ગેસ્ટ હાઉસ, ધર્મશાળા, અતિથિગૃહ, વિશ્રામગૃહ, સમાજની વાડીઓ, રહેઠાણની સુવિધા ધરાવતા ધાર્મિક સ્થળો વગેરે માટે પથિક વેબ પોર્ટલ અંગેનું જાહેરનામું બહાર પડાયું

### પોલીસ દ્વારા તૈયાર કરેલ ઓનલાઈન વેબ પોર્ટલ ઉપર ૨૪ કલાકની અંદર એન્ટ્રી કરવાની રહેશે : જાહેરનામાનો ભંગ કરનાર સામે ફોજદારી રાહે કાર્યવાહી થશે



(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૧

જૂનાગઢ રેન્જનાં નાયબ પોલીસ મહાનિરીક્ષક નિલેશ જાંજડીયાની સુચના તથા જૂનાગઢ પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાની સુચના અને માર્ગદર્શન મુજબ આગામી ગિરનાર પરિક્રમા અનુસંધાને પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાના અધ્યક્ષ સ્થાને જૂનાગઢ શહેર અને ભવનાથ વિસ્તારમાં આવેલ હોટલ, ગેસ્ટ હાઉસ, આશ્રમો, મંદિરો, અતિથીગૃહ, વિશ્રામગૃહ, સમાજની વાડીઓ, લોજ, બોર્ડીંગ, મસ્જિદ, મુસાફરખાના, ધર્મશાળાના સંચાલકો સાથે મીટીંગનું આયોજન કરવામાં આવેલ.

જે મીટીંગમાં તા.૨૩-૧૧-૨૦૨૩થી તા.૨૭-૧૧-૨૦૨૩ સુધી ગીરનાર લીલી પરિક્રમાંમાં લાખોની સંખ્યામાં લોકો આવનાર છે. બાબતે કોઈ અસામાજિક તત્વો જાહેર સુલેહ, શાંતિ, સલામતીનો ભંગ ન કરે તે માટે તમામને સુચના આપવામાં આવેલ કે પરિક્રમામાં આવનાર લોકો આપની હોટલ, ગેસ્ટ હાઉસ, આશ્રમો, મંદિરો, અતિથીગૃહ, વિશ્રામગૃહ, સમાજની વાડીઓ, લોજ, બોર્ડીંગ, ધર્મશાળા વિગેરેમાં રોકાણ કરે તો તેમની પાસેથી આધારકાર્ડની અથવા અન્ય કોઈ ઓળખકાર્ડની નકલ ફરજીયાત લેવાની રહેશે તેમજ રજીસ્ટરમાં જણાવેલ કોલમ મુજબનાં મુદ્દાઓની નોંધ કરવાની રહેશે તેમજ પોલીસ દ્વારા તૈયાર કરેલ ઓનલાઈન વેબ પોર્ટલ https://pathik.guru/ ઉપર ૨૪ કલાકની અંદર એન્ટ્રી કરવાની રહેશે. તે સિવાય કોઈ વ્યક્તિને ઉપરોક્ત સ્થળોના માલીકો/ સંચાલકો/ મેનેજરો ભાડે આપી શકશે નહી જે અંગેનું પથીક જાહેરનામુ અમલમાં મુકવામાં આવેલ છે. જાહેરનામામાં દર્શાવેલ તમામ નિયમોની અમલવારી કરવા આથી જાણ કરવામાં આવે છે. જાહેરનામાનો ભંગ કરનાર ઈસમો વિરૂધ્ધ ફોજદારી રાહે કાર્યવાહી કરવામાં આવશે જેની તમામે ખાસ નોંધ લેવા જણાવાયું છે.




# જૂનાગઢના ગાયત્રી મંદિર ખાતે ગિરનારી ગ્રુપ દ્વારા યોજાયેલ સ્નેહ મિલન સન્માન સમારોહ

## "જન સેવા એ જ પ્રભુ સેવા"ના સૂત્રને સાર્થક કરતું ગિરનારી ગ્રુપ-લઘુમહંત શ્રી મહાદેવ ભારતીબાપુ (ભારતી આશ્રમ)





(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૨૧

જૂનાગઢ ગિરનારી ગ્રુપના સમીર દત્તાણી તથા સંજય બુહેચાની સંયુક્ત અખબારી યાદીમાં જણાવવામાં આવે છે કે, નવલા વર્ષની વધામણીના ભાગરૂપે ગિરનારી ગ્રુપ સાથે જોડાયેલા રકતદાતાઓ, શિક્ષકગણઓ, ડોકટરઓ, વકીલઓ, પત્રકાર મિત્રઓ, સામાજિક સંસ્થાઓના આગેવાનો, સેવાકીય પ્રવૃત્તિઓ કરતી વિવિધ સંસ્થાઓના આગેવાનો સહિત ગિરનારી ગ્રુપ પરિવાર સાથે સંકળાયેલા તમામ લોકોનું સ્નેહમિલનનુ ભવ્યથી અતિ ભવ્ય આયોજન ભવનાથ રોડ ઉપર આવેલ ગાયત્રી મંદિર ખાતે રાખવામાં આવેલ હતું. આ સમારોહમાં ૨૫૦ જેટલા લોકોએ હાજરી આપીને ગિરનારી ગ્રુપ પરિવારે એકબીજાને મદદ કરવાની ભાવનાને વેગવંતી કરી હતી. આ સ્નેહમિલન સમારોહનું દીપ પ્રાગટ્ય ભારતીય આશ્રમના લઘુમહંત મહાદેવ ભારતીબાપુ, જૂનાગઢ જીએમઈઆરએસ મેડિકલ કોલેજના પેથોલોજી વિભાગના એચ.ઓ.ડી. ડો. નયના લકુમ, ડો. હાર્દિક મકવાણા, બ્લડ બેક્રના ઈન્ચાર્જ ડો. ભાવિન પઢારિયા, નાગભાઈ વાળા તથા ઉપસ્થિત મહાનુભાવો દ્વારા કરવામાં આવેલ હતું. કાર્યક્રમ દરમ્યાન ઉપસ્થિત વિવિધ સંસ્થાના આગેવાનો, દાતાઓ, પત્રકાર મિત્રઓનું પુષ્પગુચ્છ અને સાલ ઓઢાડીને સન્માનિત કરવામાં આવ્યા હતા. સમારોહમાં હોમિયોપેથીક ડો. ઈશિતા ગણાત્રા દ્વારા કેમ્પનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ૧૮ જેટલા દર્દીઓએ કેમ્પનો લાભ લીધો હતો. જ્યારે ગિરનારી ગ્રુપની કાર્યસૂચિને ઉપસ્થિત મહાનુભાવો દ્વારા બિરદાવવામાં આવી હતી. ગિરનારી ગ્રુપની કામગીરીનો અહેવાલ સમીરભાઈ દતાણીએ રજૂ કર્યો હતો. આ સમગ્ર સ્નેહમિલન કાર્યક્રમનુ સંચાલન નરેન્દ્રસિંહ ચુડાસમાએ કરેલ હતું. કાર્યક્રમને સફળ બનાવવા ગિરનારી ગ્રુપના સભ્યઓ લલિતભાઈ ગેરીયા, દેવાંગભાઈ પંડ્યા, સંજયભાઈ મહેતા, ભાર્ગવભાઈ દેવમુરારી, સંજયભાઈ વાઢેર, સમીરભાઈ દવે, કિર્તીભાઈ પોપટ, પ્રણવભાઈ ભટ્ટ, યાત્રિકભાઈ ભટ્ટ, સમીરભાઈ ઉનડકટ, હરિભાઈ કારીયા, સુધીરભાઈ, પ્રશાંતભાઈ તોલાણી, પ્રયાગભાઈ યાદવ, બીપીનભાઈ ઠકરાર, હરેશભાઈ મશરૂ, બગસબાપુ સહિતના લોકોએ ભારે જહમત ઉઠાવી હતી તેમ યાદીના અંતે જણાવેલ હતું.

ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
● શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
● નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
● નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
● જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
● કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
● મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો
ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨

નૂતન વર્ષની હાર્દિક શુભેચ્છા.....
Harshal Mataria
Mo. 99251 99048
99251 99002




MAX
Health & Beveragess
PACKED
DRINKING WATER
મેક્સ હેલ્થ એન્ડ બેવરેજી
વંથલી રોડ, ટીંબાવાડી, જૂનાગઢ

નૂતન વર્ષની હાર્દિક શુભેચ્છા.....
વર્લ્ડ ઈનબોક્સ
એકેડેમી જૂનાગઢ
બીજો માળ, ગુણાતીત પ્લાઝા, મોતીબાગ
ગેટ નં.૨ની સામે, જૂનાગઢ
મો. ૭૫ ૭૫ ૦૦૩ ૧૧૧

ઈન્ટરનેશનલ ગોલ્ડ સ્ટાર એવોર્ડ વિજેતા
જોષી દાદા
મો. ૯૯૧૩૫ ૧૧૭૩૭
૯૪૨૮૦ ૨૬૯૬૮
નક્ષત્ર – જ્યોતિષ
શું તમારૂ સગપણ થતું નથી ?
શું તમારો ધંધો મંદો ચાલે છે ?
શું તમારા ઘરમાં કલેશ અને અશાંતિ રહે છે ?
શું તમો વારંવાર બિમાર પડો છો ?
આ બધી સમસ્યાઓનું એકજ જગ્યાએ સચોટ નિવારણ
આદિ ગુરૂ જગત ગુરૂ શંકરાચાર્ય રચિત સૌદર્ય લહેરી આધારીત દરેક પ્રયોગ દ્વારા યંત્રથી અને અનુષ્ઠાનથી દરેક વિધી વિધાન કાર્ય કરવામાં આવશે.
કૈલાશ એપાર્ટમેન્ટ, દુકાન નં. ૮, તળાવ દરવાજા, શાકમાર્કેટ, જૂનાગઢ
ફોન કરીને અવશ્ય આવવું

ઓફર...ઓફર...
M. 99787 06355
☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.




બીના ઈલેક્ટ્રોનિક્સ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્ક.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.